અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ ઓગસ્ટ ૨૦૨૩, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ વદ અગિયારસ | અંક : ૧૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


**અમદાવાદ-બગોદરા હાઇવે પરની ઘટના**

**કેબિન કાપીને ફસાયેલા લોકોને બહાર કઢાયા, હાઇવે મરણ ચિચિયારીઓથી ગૂંજી ઉઠ્યું, મૃતકોમાં પાંચ મહિલા, બે પુરુષ અને ત્રણ બાળકોનો સમાવેશ**

# છોટા હાથી ટ્રક સાથે ટકરાતા ચોટીલા દર્શન કરીને પાછા ફરતા ૧૦નાં મોત



। અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ-બગોદરા હાઈવે પર સર્જાયેલા ગોજારા અકસ્માતમાં ૧૦ લોકોનાં કમકમાટીભર્યા મોત નિપજ્યાં છે. ટ્રક અને મીની ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માતને પગલે હાઈવે મરણ ચિચિયારીઓથી ગૂંજી ઉઠ્યું હતું. ચોટીલા દર્શન કરીને પરત ફરી રહેલા દર્શનાર્થીઓને અમદાવાદ બગોદરા હાઈવે પર અકસ્માત નડ્યો હતો. જેમાં ૫ મહિલા, ત્રણ બાળકો અને બે પુરુષોના મોત નિપજ્યા છે, જ્યારે પાંચ જેટલાં લોકોને ગંભીર પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માત બાદ જે પ્રાથમિક માહિતી સામે આવી છે તે પ્રમાણે, બગોદરા મીઠાપુર પાટિયા પાસે અકસ્માત સર્જાયો ત્યાં એક ટ્રક ઉભી હતી. ટાયરમાં પંચર પડતાં હાઈવે પર આ ટ્રક ઉભી હતી ત્યારે પાછળથી દર્શનાર્થીઓને લઈને આવી રહેલા છોટાહાથીની ટક્કર આ ટ્રક સાથે થઈ હતી. ટ્રકની પાછળ છોટાહાથી ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો.મળતી માહિતી અનુસાર, અકસ્માતમાં મોતને ભેટનારા લોકો કપડવંજના સુધા ગામના હતા. તેઓ ચોટીલા દર્શન કરવા ગયા હતા અને પરત ફરતી વખતે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૫ મહિલા, ત્રણ બાળકો અને બે પુરુષોના મોત નિપજ્યા છે. અકસ્માતની જે તસવીરો અને વીડિયો સામે આવ્યા છે, તે જોઈ શકાય તેમ નથી. આ ઘટનાના વીડિયોમાં જ જોવા મળ્યું હતું કે, છોટાહાથીના કેબિનમાં ત્રણ લોકો બેસેલા હતા અને ટ્રક સાથે ટક્કર થતાં તેઓ કેબિનમાં દબાઈ ગયા હતા. જેમને કાઢવા માટે લોકો પ્રયાસ કરી રહ્યા હતા.

ઘટનાને પગલે પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને ઘાયલોને સારવાર માટે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. જ્યારે મૃતકોના પોસ્ટમોર્ટમની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી.

અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. જોકે, ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે ટ્રાફિકજામ દૂર કરવા પ્રયાસ હાથ ધર્યો હતો. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. જોકે, ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે ટ્રાફિકજામ દૂર કરવા પ્રયાસ હાથ ધર્યો હતો.

આ ગમખ્વાર અકસ્માત બગોદરા મીઠાપુર પાટિયા પાસે સર્જાયો હતો. જ્યાં ટ્રક પાછળ મીની ટ્રક ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૧૦ લોકોનાં મોત નિપજ્યાં છે. જ્યારે ગંભીર રીતે ઘાયલ ૫ લોકોને સરકારી હોસ્પિટલમાં ખસેડાયા છે.

અકસ્માતને પગલે ફરી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કેમ કે, છેલ્લા સાતેક વર્ષથી હાઈવેનું મંદ ગતિએ કામ ચાલી રહ્યું છે અને જગ્યાએ જગ્યાએ ડાયવર્ઝન આપવામાં આવે છે. જેના કારણે પણ અકસ્માત સર્જાતા હોવાનું લોકો જણાવી રહ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### તૂર્કીમાં ૫.૩ના ભૂકંપથી અનેક ઈમારતને નુકશાન, ૨૩ ઘાયલ



। ઈસ્તંબબૂલ, તા.૧૧ ।

ગુરુવારે મોડી રાતે તૂર્કીયેના દક્ષિણ વિસ્તારમાં ૫.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અહેવાલ અનુસાર, આ ભૂકંપને લીધે ઘણી ઈમારતોને નુકસાન થયું છે અને ૨૩ લોકો ઘાયલ થયા છે. ભૂકંપનું કેન્દ્ર માલત્યા પ્રાંતના યેસિલુર્ટ શહેરમાં હતું. અદિયામાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ બંને પ્રાંત ફેબ્રુઆરીમાં આવેલા વિનાશક ભૂકંપથી પ્રભાવિત થયા હતા, જેમાં ૫૦,૦૦૦થી વધુ લોકોના મોત થયા હતા.

### ભૂસ્ખનને લીધે નેશનલ હાઈવે-૫ શિમલા-કાલકા રોડ ફરી બંધ

। સિમલા, તા.૧૧ ।

હિમાચલ પ્રદેશના સોલન જિલ્લામાં મોડી રાત્રે ભૂસ્ખલન થયુ હતું જેના કારણે નેશનલ હાઈવે-૫ શિમલા-કાલકા રોડ ફરી બંધ કરવામાં આવ્યો છે. ચક્કી મોર પાસે કાલકા-શિમલા નેશનલ હાઈવે ભૂસ્ખલનના કારણે બંધ કરાયો છે. હાલ કાટમાળ દૂર કરવાની કામગીરી ચાલી રહી છે. આ કાલકા-શિમલા હાઈવે બંધ થતા ટ્રાફિકને વૈકલ્પિક માર્ગો પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે. આ અગાઉ પણ ભૂસ્ખલનને કારણે હાઈવેને એક સપ્તાહ સુધી બંધ રાખવામાં આવ્યો હતો.

**વર્ષ ૧૯૬૧માં હવાઈ દ્વીપમાં સુનામી આવી હતી**

# હવાઈ ટાપુના જંગલોમાં ભીષણ આગ, મૃત્યુઆંક ૫૦ને પાર

**વર્ષ ૧૯૬૧માં હવાઈ આઈલેન્ડમાં સુનામી આવી હતી, જેમાં ૬૧ લોકોના મોત થયા હતા, તે ઘટના બાદ આ એક એવી ઘટના છે જેમાં અત્યાર સુધીમાં ૫૩ લોકોએ જીવ ગુમાવ્યા છે**

। નવી દિલ્હી, તા.૧૧ ।

અમેરિકાનું હવાઈ આઈલેન્ડ સૌથી સુંદર પર્યટન સ્થળોમાંનું એક છે. હાલમાં જ હવાઈના માઉ કાઉન્ટીમાં લહેનાના જંગલોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ કારણે ગુરુવારે (૧૦ ઓગસ્ટ) મૃત્યુઆંક વધીને ૫૩ થઈ ગયો છે. એએફપીના અહેવાલ અનુસાર, માઉ કાઉન્ટીના અધિકારીઓએ જણાવ્યું કે, લહેનાના જંગલોમાં લાગેલી ભીષણ આગને કારણે ગુરુવારે જ ૧૭ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. લાહેના જંગલમાં લાગેલી આગના વિનાશમાંથી બચી ગયેલા લોકોએ અકસ્માત સાથે જોડાયેલી દર્દનાક વાર્તાઓ કહી છે. એક વ્યક્તિએ કહ્યું કે એક સમયે લહેના બાજુનો ફ્લાયઓવર રંગબેરંગી નજારોથી ભરેલો હતો, જે આજના સમયમાં સંપૂર્ણપણે રાખમાં ફેરવાઈ ગયો છે. ફ્લાયઓવરના દરેક બ્લોકમાં માત્ર બળી ગયેલો કાટમાળ જ દેખાય છે. બધે બળી ગયેલી નૌકાઓ દેખાય છે. લાહૈનાના માઉ



કાઉન્ટીમાં એક પ્રખ્યાત ફ્રન્ટ સ્ટ્રીટ પણ છે, જે ખરાબ રીતે બળી ગઈ છે. બંદરની બાજુમાં ઉભી રહેલી બોટ બળી ગઈ છે. આગના ધુમાડાના ગોટેગોટા આખા શહેરમાં ફેલાઈ ગયા છે. માયુ કાઉન્ટીની ફ્રન્ટ સ્ટ્રીટ ૧૭૦૦ ના દાયકાની છે. હવાઈ સરકારના જોશ ગ્રીને જણાવ્યું હતું કે આગને કારણે ૧,૦૦૦ થી વધુ બાંધકામો નાશ પામ્યા છે અને કેટલાક હજુ પણ બળી રહ્યા છે. તેમણે કહ્યું કે જો શોધ અને બચાવ અધિકારીઓની વાત માનીએ તો મૃત્યુઆંક વધી શકે છે. વર્ષ ૧૯૬૧માં હવાઈ દ્વીપમાં સુનામી આવી હતી, જેમાં ૬૧ લોકોના મોત થયા હતા. તે ઘટના બાદ આગની આ પહેલી ઘટના છે જેમાં અત્યાર સુધીમાં ૫૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. ટિફની કિડર વિન નામની વ્યક્તિએ જણાવ્યું કે મારી અહીં એક ગિફ્ટ શોપ હતી, જે ભસ્મીભૂત થઈ ગઈ છે. મેં મારી પોતાની આંખે જોયું કે બળી ગયેલા વાહનોની લાંબી કતાર હતી. તે કારોમાં મૃત લોકોના મૃતદેહો હાજર છે. તેઓ એવા લોકો હતા જેઓ કદાચ ટ્રાફિકમાં અટવાઈ ગયા હશે અને ફ્રન્ટ સ્ટ્રીટમાંથી પસાર થઈ શક્યા ન હતા.

**આઈઆઈટી દિલ્હીના સંશોધકોની નવી શોધ**

## જવાનોની સુરક્ષા માટે સૌથી હલકું બૂલેટ પ્રુફ જેકેટ બનાવાયું

। નવી દિલ્હી, તા.૧૧ ।

આઈઆઈટી દિલ્હીના સંશોધકોએ ભારતીય જવાનોની સુરક્ષા માટે બનાવ્યું અત્યાર સુધીનું સૌથી હલકું બુલેટપ્રૂફ જેકેટ છે. વજનમાં હલકું હોવા છતાં આ આધુનિક બુલેટપ્રૂફ જેકેટમાં સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. આ જેકેટ ૮ એકે-૪૭ એચએસસીઅને ૬ સ્નાઈપર એપીઆઈબુલેટનો સામનો કરવા સક્ષમ છે. આ બુલેટ પ્રુફ જેકેટ દુનિયાભરમાં ઉપયોગમાં લેવાતા બુલેટ પ્રુફ જેકેટથી ઘણી રીતે આગળ વધી રહ્યું હોય તેવું લાગે છે.

આ બુલેટ પ્રૂફ જેકેટમાં એક સમયે ૬ સ્નાઈપર શોટ સહન કરવાની ક્ષમતા છે, એટલે કે જો કોઈ વ્યક્તિ આ બુલેટ પ્રૂફ જેકેટ પર સ્નાઈપર ગન વડે ગોળીબાર કરે છે તો ૬ બુલેટ સુધી આ જેકેટને કોઈ નુકસાન થશે નહીં અને ન તો તેને પહેરનાર સૈનિકને નુકસાન થશે. જ્યારે વિશ્વની કોઈપણ સેના દ્વારા હાલમાં ઉપયોગમાં લેવાતા બુલેટ પ્રૂફ જેકેટમાં માત્ર ત્રણ સ્નાઈપર શોટનો સામનો કરવાની ક્ષમતા છે. આ બુલેટ પ્રુફ જેકેટને વજનની દ્રષ્ટિએ પણ ખૂબ જ કાર્યક્ષમ બનાવવામાં આવ્યું છે. આ જેકેટનું વજન અત્યારે દુનિયાભરમાં ઉપયોગમાં લેવાતા બુલેટપ્રૂફ જેકેટ કરતાં અઢી કિલો ઓછું છે. આ જેકેટ દિલ્હીંના પ્રોફેસર નરેશ ભટનાગરે બનાવ્યું છે.

**વડાપ્રધાનના જવાબ પર કોંગ્રેસના નેતાની પ્રતિક્રિયા**

## મણિપુર પર પીએમ મોદી માત્ર બે મિનિટ બોલ્યા : રાહુલ ગાંધી

**મોદી મણિપુરની આગને ઓલવવા જ નથી માગતા મણિપુરમાં શાંતિ લાવવા સૈન્યને તહેનાત કરવાની જરૂર : રાહુલ ગાંધી**

। નવી દિલ્હી, તા.૧૧ ।

રાહુલ ગાંધીએ પત્રકાર પરિષદને સંબોધી હતી. આ દરમિયાન તેમણે સંસદમાં વડાપ્રધાન મોદીએ અવિશ્વાસ પ્રસ્તાવ અંગે આપેલા જવાબ અંગે પણ પ્રતિક્રિયા આપી હતી. રાહુલ ગાંધીએ કહ્યું કે મણિપુર છેલ્લા ઘણા મહિનાઓથી સળગી રહ્યું છે અને પીએમ મોદી તેના વિશે ફક્ત ૨ જ મીનિટ બોલ્યા હતા. પીએમ મોદી મણિપુરની આગને ઓલવવા જ નથી માગતા. મણિપુરમાં શાંતિ લાવવા સૈન્યને



તહેનાત કરવાની જરુર છે. તે બે જ દિવસમાં શાંતિ સ્થાપિત કરી શકે છે.

પીએમ મોદીએ ૨ કલાક ભાષણમાં કોંગ્રેસ વિશે, ભાજપે કરેલા કાર્યો અને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી પણ મણિપુર મુદ્દે ફક્ત ૨ જ મિનિટ વાત કરી હતી. તેઓ મણિપુરની મુલાકાતે પણ ન ગયા. તેઓ સારા મૂડમાં છે અને તેમના કેબિનેટના સભ્યો પણ સંસદમાં હસી રહ્યા હતા. રાહુલ ગાંધીએ આવા અનેક ગંભીર આરોપો પીએમ મોદી સામે મૂક્યા હતા.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે વડાપ્રધાન મોદી મણિપુર ત્રણ મહિનાથી સળગી રહ્યું હોવા છતાં કંઈ કરી રહ્યા નથી. મણિપુરમાં હિંસાને રોકવા માટે તેમણે પહેલાં કાર્યવાહી કરવાની જરૂર હતી.

**સંસદમાં ચોમાસા સત્રનો છેલ્લો દિવસ**

## હોર્સ રેસિંગ, ઓનલાઈન ગેમિંગ અને કેસિનો પર ૨૮ ટકા જીએસટી લાગશે

। નવી દિલ્હી, તા.૧૧ ।

સંસદમાં ચોમાસા સત્રનો આજે છેલ્લો દિવસ છે ત્યારે કેન્દ્ર સરકાર લોકસભામાં બે બિલ રજૂ કરશે જેમા સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સુધારા બિલ, ૨૦૨૩ અને ઈન્ટિગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સુધારા બિલ ૨૦૨૩નો સમાવેશ થાય છે. કેન્દ્રીય કેબિનેટે આ સપ્તાહની શરૂઆતમાં બંને બિલોને મંજૂરી આપી હતી. સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટમાં સુધારાથી હોર્સ રેસિંગ, ઓનલાઈન ગેમિંગ અને કેસિનો પર ૨૮ ટકા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એટલે કે જીએસટીવસૂલવાની મંજૂરી મળશે. એ જ રીતે રાજ્યોએ પણ તેમના વ્યક્તિગત જીએસટીકાયદામાં અલગથી સુધારો કરવો પડશે. જો બિલ પસાર થશે તો આ મહિનાની શરૂઆતમાં મળેલી જીએસટીકાઉન્સિલની બેઠકમાં નક્કી થયા મુજબ નવી કર વ્યવસ્થા ૧ ઓક્ટોબરથી અમલમાં આવશે. તેબેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ઓનલાઈન ગેમિંગ, કેસિનો અને હોર્સ રેસિંગ પર ૨૮ ટકા વસૂલાત ૧ ઓક્ટોબરથી અમલમાં આવશે અને તેની ૭ મહિના સુધી સમીક્ષા કરવામાં આવશે અને જો જરૂર પડશે તો ટેક્સ માળખામાં ફેરફાર કરવામાં આવશે. આજે સંસદના ચોમાસુ સત્રના છેલ્લા દિવસે નાણામંત્રી નિર્મલા સીતારમણ બે બિલ રજૂ કરશે અને જો ગૃહની કાર્યવાહી ચાલુ રહેશે, તો તેઓ બંને બિલ પસાર કરવાનો પ્રયાસ પણ કરશે.




### અમદાવાદમાં BRTS બની મુશ્કેલીનો પર્યાય

# BRTS બસ ટ્રેક બહાર દોડતા ટ્રાફિકની સમસ્યા સર્જાઈ

## હાલ મુસાફરો દાણીલીમડા, મણિનગર, વિરાટનગર ચંદ્ર નગર સહિતના બસ સ્ટોપ પર હાલાકી ભોગવી રહ્યા છે

। અમદાવાદ,તા.૧૧ ।

અમદાવાદ બીઆરટીએસએ મુસાફરો માટે વરદાનરૂપ છે પરંતુ હાલની સ્થિતિએ તે મુશ્કેલીનો પર્યાય પણ બની હોવાની હકીકત સ્વીકારવી જ રહી! કારણ કે અમદાવાદમાં કામ ચાલતું હોવાથી ૧૫ બસ સ્ટોપને અસર થવા પામી છે. જેને લઈને BRTS બસ જનમાર્ગ ટ્રેક બહાર દોડતા ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. બીજી બાજુ ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર BRTSમાં મુસાફરો ચડઉતર કરતા હોવાથી અકસ્માતનો પણ ભય તોળાઈ રહ્યો છે. રસ્તા પર મુસાફરોને ઉતારવામાં આવી રહ્યા હોવાથી હાલ મુસાફરો દાણીલીમડા, મણિનગર, વિરાટનગર ચંદ્ર નગર સહિતના બસ સ્ટોપ પર હાલાકી ભોગવી રહ્યા છે. 'જો આ રીતે જ ચલાવવી હોય તો BRTSનો ફાયદો શું?' તેવો લોકોમાં અણીયારો સવાલ પણ ઉભો થયો છે.

કામગીરીને લઈને BRTS હાલ ટ્રેક બહાર દોડી રહી છે. જેને લઈને આ અંગે વાહનચાલકોએ કહ્યું કે બસ બહાર દોડતી હોવાથી ભયંકર ટ્રાફિક થાય છે. વાહનચલાકોએ તો એવા પણ આક્ષેપો કર્યા હતા. કે દાણીલીમડાથી મણિનગરના રૂટ બન્યો ત્યારથી અત્યાર સુધી મોટા ભાગે ટ્રેક બંધ જ હોય છે. બીજી બાજુ આ કામને લઈને મુસાફરો પણ સમસ્યા ભોગવી રહ્યા છે. મુસાફરોના જણાવ્યા અનુસાર પેહલા ટિકિટ લેવા BRTS અંદર જવું પડે છે. પછી બસ માટે બહાર આવવું પડે છે. જેને લઈને અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે.

દાણીલીમડા, મણિનગર, વિરાટનગર બસ સ્ટોપ પર હાલાકી અમદાવાદ BRTS વર્કશોપ અને બસ સ્ટોપ પર ચાલી રહેલી કામગીરીને પગલે લોકોને આ સમસ્યા ભોગવવાનો વારો આવ્યો છે. ખાસ વાત એ છે કે સ્વામિનારાયણ કોલેજ પાસે આવેલ દાણીલીમડા બસ સ્ટોપ નજીકનો ટ્રેક પહેલા પણ બંધ હતો. પરિણામે બસ મિક્સ ટ્રાફિકમાં દોડતી હતી. જેને લઈને અવારનવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા હતા. લગભગ છેલ્લા ચારથી પાંચ વર્ષથી આ પ્રકારની હાલાકી છે. જેનો હજુ અંત આવ્યો નથી.

### રોંગ સાઈડે વાહન ચલાવતા લોકો સાવધાન !

# અમદાવાદમાં ૨૩ જગ્યાએ મુકાશે ટાયર કિલર બમ્પ

## શહેરના ચાણક્યપુરી બ્રિજ પાસે પ્રભાતચોક તરફ સર્વિસ રોડ ઉપર ટાયર કિલર બમ્પ લગાવવામાં આવ્યા છે

। અમદાવાદ, તા.૧૧ ।

શહેરમાં રોંગ સાઈડમાં વાહન ચલાવતા વાહનચાલકોને અટકાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક વિભાગ દ્વારા ટાયર કિલર બમ્પ બનાવાયા છે. શહેરના ચાણક્યપુર બ્રિજ પાસે પણ ટાયર ક્લિર બમ્પ મૂકાયા છે. શહેરના ચાણક્યપુરી બ્રિજ પાસે પ્રભાતચોક તરફ સર્વિસ રોડ ઉપર ટાયર કિલર બમ્પ લગાવવામાં આવ્યા છે. જેમાં સફળતા મળી હોવાનું માની શહેરમાં અન્ય સ્થળે પણ ટાયર કિલર બમ્પ લગાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એક રિપોર્ટ મુજબ, અમદાવાદમાં હેબતપુર ઓવરબ્રિજ, સોલા બ્રિજ નીચે, કારગિલ ચાર રસ્તા, સોલા સિવિલ, ભાગવત ચાર રસ્તા, ગોતા ચાર રસ્તા, ઉજાલા સર્કલ, સાણંદ સર્કલ, વાયએમસીએ ક્લબ, પ્રહલાદ નગર ચાર રસ્તા, કર્ણાવતી ચાર રસ્તા, ઈસ્કોન ચાર રસ્તા, પકવાન ચાર રસ્તા, પકવાન પાસે આવેલા બંને બ્રિજના છેડે, ગુરુદ્વારા ચાર રસ્તા, કર્ણમુક્તેશ્વર મહાદેવ (એરપોર્ટ), સુતરના કારખાના ત્રણ રસ્તા, નાના ચિલોડા બ્રિજના દક્ષિણ છેડે, શાસ્ત્રી પેટ્રોલ પંપની બાજુમાં બહુમાળી મુખ્યમંત્રી ગૃહ યોજના ચાર રસ્તા, ચાણક્યપુરી બ્રિજ અને પ્રભાત ચોક, જજીસ બંગલો ચાર



રસ્તા, શ્યામલ બ્રિજ, કારગિલ ચાર રસ્તા પાસેથી પસાર થતાં બ્રિજની નીચે બંને બાજુ લગાવવામાં આવશે. અહીં નોંધનીય છે કે હાલ એક ટાયર કિલર ચાણક્ય પુરી બ્રિજ પાસે લગાવવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ, આ લોકેશન આઈડેન્ટિફાય કરીને ટ્રાફિક વિભાગે કોર્પોરેશનને માહિતી પૂરી પાડી છે. જ્યાં AMCની ટીમ પહોંચીને ટાયર કિલર બમ્પ લગાવશે. આ જગ્યાએ જ્યારે રોંગ સાઈડમાં જતાં લોકોને રોંગ સાઈડમાં જવાનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે તેમણે નજીકમાં જવું છે તેમજ આગળ રસ્તો બંધ છે તેવા કારણો દર્શાવ્યા હતા. જે કારણ માનવામાં પણ ના આવે કે કોઈના ગળે પણ ના ઉતરે. પરં,તુ લોકો આ પ્રકારે કારણો આગળ ધરીને જવાબદારીમાંથી છટકી રહ્યા છે અને સીધી રીતે નિયમનો ભંગ કરીને અકસ્માતોની સંભાવના વધારી રહ્યા છે. આ જ પરિસ્થિતિને કંટ્રોલમાં લાવવા માટે ટ્રાફિક વિભાગ અને કોર્પોરેશન એક્શનમાં આવ્યું છે અને શહેરમાં ટાયર કિલર બમ્પ લગાવવાનું શરૂ કર્યું છે.

### તેના પર રેપ કરનારની ધરપકડ

# બાપુનગરની હોસ્પિટલમાંથી નવજાત બાળકને ફેંકી દેનારી સગીરા પકડાઈ

## સગીરા પ્રેગ્નેન્ટ હોવાની જાણ થતાં આરોપીએ વાત કરવાનું અને મળવાનું બંધ કરી દીધું હતું

। અમદાવાદ, તા.૧૧ ।

શહેરના બાપુનગર વિસ્તાર સ્થિત કાકડિયા હોસ્પિટલમાં છ ઓગસ્ટના રોજ એસીના કોમ્પ્રેસર પરથી ત્યજી દેવામાં આવેલા નવજાત બાળક અંગે મોટો ખુલાસો થયો છે. આ બાળકને તેની સગીર વયની માતાએ જ ફેંકી દીધું હતું, જે દુષ્કર્મનું પરિણામ હતું. રવિવારના રોજ બાળક મળી આવતાં સૌથી પહેલા તો તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું, જ્યાં તેનું મોત થયું હતું. શહેરકોટડા પ ોલીસે આ અંગે ફરિયાદ કરી હતી અને આગળની તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન સ્થાનિક વિસ્તારની સગીરાએ જ હોસ્પિટલના વોશરૂમમાં બાળકને જન્મ આપી ત્યજી દીધું હોવાનું ખુલ્યું હતું. પોલીસે તરત જ સગીરાને શોધી કાઢી હતી. પૂછપરછ દરમિયાન તેણે જણાવ્યું હતું કે, થોડા મહિના પહેલા સોલા સિવિલ હોસ્પિ ટલમાં તેના દાદીનું આંખનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ સમયે તે તેમની સાથે રહી હતી અને ત્યાં હાઉસ કિપિંગનું કામ કરતાં શખ્સ સાથે તેની મિત્રતા થઈ હતી. બંને પ્રેમમાં તમામ હદ વટાવી ગયા હતા અને શારીરિક સંબંધના કારણે તેને ગર્ભ રહી ગયો હતો. સગીરાએ ગર્ભાવસ્થાની વાત પરિવારથી છુપાવી હતી અને જ્યારે પણ કોઈ તેને ફુલેલા પેટ વિશે પૂછતું તો તે ગેસ થયો હોવાનું કહી વાત ઉડાવી દેતી હતી. પરંતુ નવ મહિના પૂરા થતાં તેને પ્રસવ પીડા ઉપડી હતી, જેના લીધે તેને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. ત્યાં પણ ડોક્ટરને તેણે ગેસ થયો હોવાનું કહ્યું હતું. ડોક્ટરે તેને ઈન્જેકશન આપ્યું હતું અને તે વોશરૂમમાં ગઈ હતી જ્યાં બાળક જન્મ્યું હતું. પરિવાર અને સમાજ નહીં સ્વીકારે તેવા ભયથી તેણે બાળકને બારીની બહાર ફેંકી દીધું હતું અને ઘરે જતી રહી હતી. સગીરાને જે શખ્સ સાથે પ્રેમ થયો હતો તેનું નામ મહેશ ઠાકોર હોવાનું સામે આવ્યા બાદ પોલીસે તેની સામે દુષ્કર્મની ફરિયાદ નોંધી હતી. જે બાદ તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા હતા અને તરત જ તેને પકડી પાડ્યો હતો. સગીરા નરોડામાં માતા-પિતા અને ભાઈ સાથે રહે છે. નવેમ્બર ૨૦૨૨માં સોલા સિવિલ હોસ્પિટલમાં તેના દાદીનું આંખનું ઓપરેશન થયું હતું. આ માટે ત્રણ દિવસ બંને હોસ્પિ ટલમાં રોકાયા હતા. આ દરમિયાન તે મહેશ ઠાકોરના સંપર્કમાં આવી હતી. સગીરા અને મહેશ ઠાકોર વચ્ચે મિત્રતા થતાં વાર લાગી નહોતી. બંને પ્રેમમાં પણ પડ્યા હતા. એક દિવસ રાતે જ્યારે સગીરા જનરલ વોર્ડમાં સૂતી હતી ત્યારે મહેશ તેની પાસે આવ્યો હતો અને કંઈક કામ હોવાનું કહી બહાર લઈ ગયો હતો. બંને એક ખાલી રૂમમાં ગયા હતા અને મહેશે સગીરાની સામે લગ્ન કરવાની વાત કાઢી હતી. આ પહેલા શારીરિક સંબંધ બાંધવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. સગીરાએ આનાકાની કરી છતાં તે માન્યો હતો. બાદમાં મહેશ ઘણીવાર સગીરાને મળવા માટે જતો હતો. સગીરાને ગર્ભ રહી ગયો હોવાની જાણ થતાં તેણે આ વિશે મહેશને કહ્યું હતું. જે બાદ તેણે વાત કરવાનું બંધ કરી દીધું હતું. સગીરાને આઠમો મહિનો હોવા છતાં પરિવારને જાણ નહોતી કરી. જ્યારે કોઈ પૂછતું તો ગેસ હોવાનું કહેતી હતી. પીડા થતાં હોસ્પિટલ લઈ જવાઈ હતી અને ત્યાં વોશરૂમ બાળકને જન્મ આપી ફેંકી દીધું હતું. સગીરા સાથે દુષ્કર્મ આચરનારા સામે તેની માતાએ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

### હાઈકોર્ટની ફટકાર બાદ જાગી મનપા

# વડોદરા મહાનગરપાલિકા નવી ઢોર નિયંત્રણ પોલિસી લાવી

। વડોદરા,તા.૧૧ ।

હાઈકોર્ટની સૂચના મુજબ અમદાવાદ બાદ હવે વડોદરામાં પણ નવી ઢોર નિયંત્રણ પોલિસી બનાવાઈ છે. પોલિસીમાં જરૂરી સૂચનો સાથેની દરખાસ્ત સ્થાયી સમિતિ થકી સામાન્ય સભાની મંજૂરી માગવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકાના સૂચનોમાં મુખ્યત્વે રખડતા પશુઓના કારણે મૃતકના પરિજનોને રૂપિયા ૫ લાખનું વળતર અને ઈજાગ્રસ્તને ૫૦ હજારના વળતરનું સૂચન કરાયું છે. એક જ પશુ મલિક ત્રીજી વખત ગુનો કરે તો બિન જામીનપાત્ર ગુનો અને ઢોરવાડા કાયમી બંધ કરવાનું સૂચન પણ કરાયું છે. બીજીતરફ જાહેરમાં ઘાસ વેચતા લોકો સામે જાહેરનામા ભંગ, પશુઓ સાથે ભાગતી બાઈકર્સ ગેંગ સામે કાયદાકીય કાર્યવાહી, ઢોર પાર્ટીની મુવમેન્ટના મેસેજ કરનાર પશુ પાલકો સામે સાયબર ક્રાઈમ વિભાગ થકી ફરિયાદનું સૂચન કરાયું છે. મહત્વની બાબત



**રખડતા ઢોરની અડફેટે આવતા મૃત્યુ પામનારા મૃતકના ૫ લાખનું વળતર અને ઈજાગ્રસ્તને ૫૦ હજારનું વળતર આપવાનુ સૂચન કરાયુ**

એ છે કે રખડતા ઢોરને કારણે મૃતકના પરિવારજનોને રૂ. ૫ લાખ અને ઈજાગ્રસ્તને રૂ. ૫૦ હજારના વળતરની વસૂલાત પશુપાલક પાસેથી કરવાની જોગવાઈનું સૂચન કરાયું છે.

બીજીતરફ રખડતા પશુના આતંક મામલે અમિત ચાવડાએ રાજ્ય સરકાર અને કોર્પોરેશન સામે આકરા પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે- મૃતકને વળતર આપવું તે પૂરતું નથી. આવી ઘટનાઓ રોકવી જોઈએ. સરકારને લોકોના જીવની ચિંતા નથી.

# બનાસ નદી પરનો રેલવે બ્રિજ જર્જરીત થતા ટ્રેનની ગતિ ૨૦ની કરવાનો લેવાયો નિર્ણય

। બનાસકાંઠા,તા.૧૧ ।

બનાસકાંઠામાં બનાસ નદીના પટનો રેલવે બ્રિજ જર્જરીત થતા રેલવે અધિકારીઓ દોડતા થયા છે. રેલવે વિભાગે પેસેન્જર ટ્રેનની ગતી બ્રિજ પર ઘટાડી દીધી છે. બ્રિજ પર હવે પેસેન્જર ટ્રેન ૨૦ની સ્પીડ પર દોડશે. સાવચેતીના ભાગરૂપે જર્જરિત બ્રિજ પર હાલ પૂરતી માલગાડીને બંધ કરવામાં આવી છે.

થોડા જ વર્ષ પહેલા બનાવવામાં આવેલો બનાસ નદીના પટમાં બનેલ મહેસાણા-દિલ્લી જોડતો બ્રિજ પરનો પિલર જર્જરિત થયો છે. નદીનું પાણી ઘટતા પિલ્લરના સળિયા દેખાતા હતા. રેલવેના અધિકારીઓએ બનાસ નદીના પટમાં આવેલ રેલવે ટ્રેકની તપાસ હાથ ધરી હતી. તાત્કાલિક ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું.

રેલવે બ્રિજ જર્જરીત થતા સ્થાનિકો અને કોંગ્રેસે ભ્રષ્ટાચારના આરોપ લગાવ્યા. કોંગ્રેસના ધારાસભ્યએ કહ્યું, બ્રિજમાં રેતીને જગ્યાએ માટીનો વપરાશ કરીને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. જેથી પિલર ક્ષતિગ્રસ્ત થયો. મુખ્યમંત્રીને પત્ર લખી કોંગ્રેસે જવાબદારો સામે કડક કાર્યવાહીની માગ કરી છે.

# મહિસાગર જિલ્લામાં સરકારી શિક્ષકોએ આંદોલનનો માર્ગ અપનાવવાનો નિર્ણય લીધો

## મહિસાગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક તમામ શાળામા ખેલમહાકુંભના રજીસ્ટ્રેશનનો બહિષ્કાર કરશે

। મહિસાગર,તા.૧૧ ।

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના આદેશ મુજબ મહિસાગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક તમામ શાળામા ખેલમહાકુંભના રજીસ્ટ્રેશનનો બહિષ્કાર કરશે. સરકારની ખાતરી છતાં માંગણી ન સંતોષાતા ખેલમહાકુંભનો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની તમામ આચાર્ય, સંચાલકને રજૂઆત કરાઈ હતી. જિલ્લામાં ૩૦૦ સ્કૂલોમાં ખેલમહાકુંભનું રજિસ્ટ્રેશન કરાશે નહીં. સરકાર દ્વારા ખાતરી આપવામાં આવી હતી છતાં આજ સુધી તેમના પ્રશ્નોનો ઉકેલ ના આવતા જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા સંઘના આદેશનું પાલન કરશે. ખેલમહાકુંભના રજીસ્ટ્રેશનના બહિષ્કારના કારણે તેના કાર્યક્રમ પર અસર પડી શકે છે. આગામી સમયમાં ધરણા પ્રદર્શન પણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગયા મહિને સરકારે જાહેરાત કરી હતી કે પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક હેઠળ ૨૬,૫૦૦ શિક્ષકોની કરાર આધારિત નિમણૂક કરવામાં આવશે. પ્રાથમિક શાળા માટે ૧૫,૦૦૦ અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળા માટે ૧૧,૫૦૦ જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવશે. સાથે જ રાજ્ય સરકાર ખેલ સહાયક યોજના અંતર્ગત ૫૦૭૫ ખેલ સહાયકની કરાર આધારિત નિમણૂંક કરશે. કરાર આધારિત નિમણૂંક મેળવેલ ઉમેદવારોને ૨૧૦૦૦ ઉચ્ચક માનદ વેતન આપવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ નિયમિત ભરતી પદ્ધતિથી ભરવામાં ના આવે ત્યાં સુધી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ ઉભો ન થાય તે હેતુથી જ્ઞાન સહાયક શિક્ષકોની કરાર આધારિત નિમણૂંક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉપરાંત વિદ્યાર્થીઓનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થઈ શકે તે માટે શાળાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓને રમત-ગમત અને ખેલકૂદ માટે તૈયાર કરવાના હેતુથી ખેલ સહાયક યોજના અમલમાં મૂકવા માટે નિર્ણય કરવામાં આવેલ છે.

રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ખાસ કરીને 'મિશન સ્કૂલ્સ ઓફ એકસલન્સ' માં પસંદ થયેલ શાળાઓમાં ધોરણ દીઠ શિક્ષક ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી ઉપલબ્ધ ખાલી જગ્યા ઉપર કરાર આધારિત 'જ્ઞાન સહાયક' મૂકવા માટે નિર્ણય કરવામાં આવેલ છે

## વિશેષ લેખ

### વીર સપૂતોની યાદગીરી કાયમ કરવા સરકાર દ્વારા થઇ રહેલા માટીને નમન - વીરોને વંદન કાર્યક્રમોથી લોકોમાં દેશદાઝ અને રાષ્ટ્ર ભાવના બળવત્તર બનશે

# શીલાફલકમથી શહીદ વીરોના પરિવારજનોમાં ગૌરવની લાગણી : પડધરી તાલુકાના જોધપુર ગામના મોટા ભાગના યુવાનો આર્મી અને પોલીસમાં ફરજારત

પડધરી તાલુકાનાં જોધપર (છલ્લા) ગામના ત્રણ વીર શહીદો સ્વ.વિક્રમસિંહ મહોબતસિંહ જાડેજા, સ્વ.જયેન્દ્રસિંહ જાડેજા અને સ્વ. છત્રસિંહજી જાડેજાની યાદમાં બનાવેલી ‘‘શિલાફલકમ’’ દ્વારા તેઓની શહાદતને કાયમી યાદ રખાશે. આ વીર શહીદના પરિવારજનોના સન્માન પણ થયા હતા. તે ઘડીએ તેમણે કહ્યું હતું કે જોધપુર ગામના મોટાભાગના યુવાનો આર્મી અને પોલીસમાં ફરજરત છે. આ ગામમાં બહુમત પ્રજા જાડેજાઓની છે. ચાલીસ વર્ષ પહેલા માત્ર આઠ માસની પુત્રીને છોડી શહીદી વહોરનાર સ્વ.વિક્રમસિંહ મહોબતસિંહ જાડેજા પોલીસ વિભાગમાં ડ્રાઈવર તરીકે ફરજરત હતા. પોલીસ જવાનની પુત્રી જયશ્રીબા કહે છે કે, "શીલાફલકમથી શહીદી વહોરનારા મારા પિતા સહિતના જવાનોની સ્મૃતિ કાયમી જીવંત રહેશે. શહીદોને શ્રધ્ધાંજલિ આપી રાષ્ટ્ર ભાવના બળવત્તર બનાવતા 'મારી માટી - મારો દેશ, માટીને નમન - વીરોને વંદન' કાર્યક્રમ શહીદો માટે યાદગાર પુરવાર થશે. રાજકોટમાં રહેતા જયશ્રીબા પિતા માટે ગૌરવ અનુભવતા કહે છે કે, ચાલીસ વર્ષ પહેલા તેમના પિતાનું ફરજ દરમિયાન અકસ્માતમાં રાજકોટમાં મૃત્યુ થયું હતું. ત્યારે મારી માતા યુવા વયે જ વિધવા બન્યા. સંતાનમાં એક માત્ર હું હતી. માતાએ સંઘર્ષ કરી કુટુબના સહકારથી મારો ઉછેર કર્યો. આ ગામમાં ૧૮ નિવૃત પોલીસમેન -આર્મીમેન તથા સ્વર્ગીય આર્મીમેનના પરિવારજનોનું પણ ગ્રામ પંચાયત દ્વારા સન્માન થયું હતું. જોધપુરના ધર્મેન્દ્રસિંહ જાડેજા કહે છે કે ૨૧ વર્ષ પહેલા તેમના પિ તા સ્વ.જયેન્દ્રસિંહ મહોબતસિંહ જાડેજાનું કલ્યાણપુરમાં વાહન અકસ્માતમાં ચાલુ ફરજ દરમિયાન મૃત્યુ થયું હતું ત્યારે તેઓ માત્ર ૧૩ વર્ષના હતા. તેમના પિતાના નામે શિલાફલકમ બન્યુ તે વિશે તેઓ કહે છે કે, મારા શહીદ પિતાની કાયમી ધોરણે યાદગીરી માટે ગ્રામ પંચાયતમાં શિલાફલકમ ઉભી કરાઈ છે. જે અમારા સહિત દેશભરના જવાનો તથા તેના પરિવાર માટે ગૌરવની વાત છે.








### ન્યૂઝ બ્રિફ

## ભારતમાં પણ એરિસ વેરિયન્ટની એન્ટ્રી, નિષ્ણાતો દ્વારા એલર્ટ



। નવી દિલ્હી, તા.૧૧ ।

વિશ્વભરમાં કોરોના સંક્રમણની ગતિ નિયંત્રણમાં આવી ગઈ છે, જોકે હજુ ખતરો ટળ્યો નથી. તાજેતરમાં જ યુકેમાં કોરોનાના નવા વેરિયન્ટ ઈજી.પ.૧ની પુષ્ટિ કરવામાં આવી છે, જેને વૈજ્ઞાનિકોએ 'એરિસ' નામ આપ્યું છે. ઓમિક્રોન પરિવારના કહેવાતા આ નવા વેરિયન્ટને સમજવા માટે હજુ પણ અભ્યાસ ચાલી રહ્યો છે. હાલ આ વેરિયન્ટને વધુ સંક્રમણ ફેલાવનારા વેરિયન્ટમાંથી એક માનવામાં આવી રહ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ ભારતમાં પણ 'એરિસ' વેરિયન્ટની એન્ટ્રી થઈ ગઈ છે અને તેનો રિપોર્ટ પણ કરાયો છે.... દરમિયાન આરોગ્ય નિષ્ણાંતોએ નવા વેરિયન્ટને લઈ એલર્ટ આપ્યું છે. મીડિયા અહેવાલો મુજબ ભારતમાં આ વેરિઅન્ટની મે મહિનામાં પુષ્ટિ થઈ ગઈ હતી, ત્યારબાદ ૨ મહિનાનો સમય વિત્યા બાદ હજુ સુધી આવા કોઈ કેસ સામે આવ્યા નથી.

## આસામ રાઈફલ્સ અંગે મૈતેઈ-કૂકી સમુદાયના જુદા-જુદા અભિપ્રાય



। ઈમ્ફાલ, તા.૧૧ ।

મણિપુરમાં ૩ મહિનાથી વધુ સમયથી ચાલી રહેલી જાતીય હિંસા વચ્ચે દેશના સૌથી જૂના અર્ધલશ્કરી દળ આસામ રાઈફલ્સને લઈને વિવાદ શરૂ થયો છે. વિરોધ એ વાતનો છે કે રાજ્યના બે મુખ્ય સમુદાયો મૈતેઈ અને કુકી સામ-સામે છે. બંને સમુદાયના ધારાસભ્યોએ આસામ રાઈફલ્સને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. મૈતેઈ અને કૂકી ધારાસભ્યોએ આ મામલે અલગ અલગ પત્રો લખ્યા હતા અને બંનેએ માગણીઓ પર જુદી જુદી કરી છે. એક સમુદાય કહે છે કે આસામ રાઈફલ્સને રાજ્યમાંથી હટાવી લેવામાં આવે તો બીજો સમુદાય કહે છે કે તેને તહેનાત રાખવામાં આવે. જાતીય હિંસાથી પીડિત મણિપુરમાં સૈન્ય અને અન્ય કેન્દ્રીય દળોની સાથે આસામ રાઈફલ્સને તૈનાત કરવામાં આવી છે.

## શીખ પોલીસકર્મીને દાઢી રાખતા અટકાવવા સામે ભારતનો વિરોધ



। ન્યુયોર્ક, તા.૧૧ ।

અમેરિકાના ન્યુયોર્કમાં એક શીખ પોલીસકર્મીને દાઢી રાખવાથી અટકાવ્યા બાદ વિવાદ શરુ થયો છે. જેના પર વોશિંગ્ટનમાં ભારતીય દૂતાવાસે વાંધો ઉઠાવ્યો છે. અમેરિકી ધારાસભ્યોએ પણ આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે અને તેને ધાર્મિક ભેદભાવ ગણાવ્યો છે. મામલો એવી રીતે છે કે, ન્યૂયોર્ક પોલીસ વિભાગના એક અધિકારી ચરણજોત તિવાનાએ ગયા વર્ષે માર્ચમાં પોતાના લગ્ન માટે દાઢી વધારવાની માંગ કરી હતી. જો કે, વિભાગે તેની માંગને ફગાવી દીધી હતી.



હવાઈમાં જંગલી આગના લીધે આખુ શહેર બળીને ખાખ થઈ ગયુ હતું ત્યારે લોકો બચવા માટે પોતાના મકાનો છોડીને ભાગી ગયા હતા..

### લાખો યુવાનો છે તેના ચાહક

## ૬૨ વર્ષની ઉંમરમાં પણ આ દાદીની સુંદરતા જોઈ ફીદા થઈ જશો

। નવી દિલ્હી, તા.૧૧ ।

અમે અહીં જે સુંદર મહિલાની વાત કરી રહ્યા છીએ, તેનું નામ કૈરોલ ઓલ્ટ છે. એક સમયમાં તેને દ ફેસના નામથી ઓળખવામાં આવતી હતી અને તે એક શાનદાર સુપરમોડલ હતી. જો કે, આજે પણ તેની સુંદરતામાં જરાં પણ ઘટાડો થયો નથી. ૫૦૦ મેગેઝીનના કવર પેજ પર રહી ચુકેલી કૈરોલના દીવાના પણ ઓછા થયાં નથી. કૈરોલ ૧૯૮૦ના દાયકાની ખ્યાતનામ મોડલ રહી છે. હવે તેની ઉંમર ભલે ૬૦ને પાર પ હોંચી ગઈ હોય, પણ તેમની સુંદરતામાં કોઈ કમી થઈ નથી. તે મિની ડ્રેસ પહેરીને પોતાના મોડલિંગની તસ્વીરો શેર કરતી રહે છે અને આ ઉંમરમાં પણ કોઈ સુપરમોડલથી જરાંયે કમ નથી. અમેરિકાની સુપરમોડલ રહી ચુકેલી કૈરોલે ૧૯૮૦ના દાયકાની ફેશન મેગેઝીન્સમાં ખૂબ દેખાઈ ચુકી છે. તેના હાલના ઈંસ્ટાગ્રામ પર એટલા ફેન્સ છે કે તેની તસવીરમાં ફટાફટ વાયરલ થાય છે અને લાખો લાઈક્સ મળી જાય છે. તો વળી તેના વખાણ કરનારા લોકોની પણ કોઈ કમી નથી. ૬૨ વર્ષની ઉંમરમાં લોકોના ઘુંટણ જવાબ આપવા લાગે છે, પણ આ મહિલા પોતાના ટોંડ લેગ્સને મિની ડ્રેસમાં ખૂબ જ ફ્લોન્ટ કરે છે. સોશિયલ મીડિયા પર આજે પણ તે પોતાના વીડિયો અપલોડ કરે છે, તો વખાણ કરનારા લોકોની લાઈનો લાગે છે.

### શીખવાની પ્રક્રિયા પર નકારાત્મક અસર પડી શકે છે : સલાહકાર

# કેજરીવાલે વર્ગખંડમાં મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય

### વાલીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ તેમના બાળકો શાળાના પરિસરમાં મોબાઈલ ન લાવે તેની ખાતરી કરે

। નવી દિલ્હી, તા.૧૧ ।

દિલ્હીની અરવિંદ કેજરીવાલની સરકારે વર્ગખંડમાં મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. શિક્ષકોને ભણાવતી વખતે ફોનનો ઉપયોગ કરવાથી દૂર રહેવા માટે કહેવામાં આવ્યું છે. દિલ્હી સરકાર દ્વારા જારી કરવામાં આવેલી એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે મોબાઈલ ફોન આજના જીવનમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ગેજેટ્સમાંથી એક છે, પછી ભલે તે વિદ્યાર્થી હોય, શિક્ષક હોય, વ્યાવસાયિક હોય કે અન્ય કોઈ હોય. તેથી, આપણા માટે એ ધ્યાનમાં લેવું અગત્યનું છે કે ટેક્નોલોજી પર વધુ પડતી નિર્ભરતા સકારાત્મક અને નકારાત્મક બંને પરિણામો લાવી શકે છે. સ્માર્ટફોનનો વધુ પડતો ઉપ યોગ ડિપ્રેશન, ચિંતા, સામાજિક એકલતા, હાયપરએક્ટિવિટી, હાયપર ટેન્શન, ઊંઘનો અભાવ અને નબળી દૃષ્ટિમાં પ રિણમી શકે છે. મોબાઈલ ફોનના ઉપયોગ અંગેની એડવાઈઝરીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ''તે શીખવાની પ્રક્રિયા પર નકારાત્મક અસરો પેદા કરી શકે છે અને શૈક્ષણિક પ્રદર્શન, જીવન સંતોષ, સામ-સામે વાતચીતની ગુણવત્તા, સંબંધો અને આત્મીયતા પર નકારાત્મક અસર કરી શકે છે.'' આ ઉપરાંત ઘટનાઓ ઉત્પીડન, ખોટા ચિત્રો લેવા, રેકોર્ડિંગ અથવા અયોગ્ય સામગ્રી અપલોડ કરવી એ પણ સંભવિત નકારાત્મક છે જે સામાજિક ફેબ્રિક તેમજ બાળકના ભવિષ્ય માટે હાનિકારક છે. તેથી, શાળાના પરિસરમાં મોબાઈલ ફોનના ઉપ યોગને કડક રીતે નિયંત્રિત કરવાની જરૂર છે અને તેથી તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને શાળાના વડાઓએ તેમના પ રિસરમાં મોબાઈલ ફોનના લઘુત્તમ ઉપ યોગ અંગે સર્વસંમતિ સાધવી જોઈએ, એમ એડવાઈઝરીમાં જણાવ્યું હતું. જેથી વર્ગમાં વધુ શીખી શકાય જે વિદ્યાર્થીઓ માટે શાળાનું સારું વાતાવરણ બનાવી શકે. વાલીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ તેમના બાળકો શાળાના પરિસરમાં મોબાઈલ ન લાવે તેની ખાતરી કરે.




### કદમાં સોપારી જેવા દેખાતા હેઝલનટ્સ ફળના અનેક ફાયદા

## હેઝલનટ્સ ફળ હાર્ટ અને કેન્સર સહિતની કેટલીય બીમારી દૂર કરશે

### હાડકા મજબૂત કરશે-હેઝલનટ્સથી હાડકા મજબૂત થાય છે, તેમાં કેટલાય પ્રકારના પોષક તત્વો હોય છે, જે ઈમ્યૂનિટીને પણ બૂસ્ટ કરે છે

। નવી દિલ્હી, તા.૧૧ ।

હેઝલ ઝાડથી હેઝલ નટ્સ તૈયાર કરવામાં આવે છે. હેઝલનટ્સમાંથી કેટલીય વસ્તુઓ બનાવે છે. તેને પકવવામાં આવે છે અને બેકીંગ કરીને સ્નેક્સ તરીકે ખાવામાં આવે છે. જો કે, ભારતમાં લોકો તેનો ખૂબ ઓછો ઉપયોગ કરે છે. હેઝલનટ્સ હાર્ટને મજબૂત બનાવે છે અને બ્લડ શુગરને કંટ્રોલ કરે છે. આ ઉપરાંત હેઝલનટ્સના કેટલાય અન્ય ફાયદા પણ છે. હેઝલનટ્સના કેવા કેવા ફાયદા છે. હાર્ટને મજબૂત બનાવે-ઈંડિયન એક્સપ્રેસના એક્સપર્ટના હવાલેથી જણાવે છે કે, હેઝલનટ્સમાં અનસૈચુરેટેડ ફૈટ ઓલિક એસિડ હોય છે, જે હાર્ટને મજબૂત બનાવે છે. આ ફૈટ બૈડ કોલેસ્ટ્રોલને પણ ઓછું કરે છે અને હાર્ટ અટેક અથવા સ્ટ્રોકનું જોખમ ઓછું કરે છે. હેઝલનટ્સમાં વિટામિન ઈ અને એન્ટીઓક્સિડેંટ્સ હોય છે, જે હાર્ટ ડિજિજથી આપણી રક્ષા કરે છે. હાડકા મજબૂત કરશે-હેઝલનટ્સથી હાડકા મજબૂત થાય છે. તેમાં કેટલાય પ્રકારના પ ોષક તત્વો હોય છે, જે ઈમ્યૂનિટીને પણ બૂસ્ટ કરે છે. હેઝલનટ્સમાં મેગ્નેશિયમ પ્રચૂર માત્રામાં હોય છે, જે હાડકાને મજબૂત કરવા માટે ખૂબ જરુરી છે. તેની સાથે જ હેઝલનટ્સમાં કોપર હોય છે અને એનર્જી પ્રોડક્શન અને આયરન અવશોષિત કરવા માટે ખૂબ જરુરી છે. શુગર કંટ્રોલ કરશે-હેઝલનટ્સના ગ્લાઈસેમિક ઈંડેક્સ ખૂબ ઓછું હોય છે, તેની સાથે જ હેઝલનટ્સમાં હેલ્દી ફેટ્સ અને ફાઈબર પણ પ્રચૂર માત્રામાં હોય છે. આ તમામ ચીજો બ્લડ શુગરના પ્રોડક્શનને ખૂબ જ ધીમું કરે છે અને ડાયાબિટીસને કંટ્રોલ કરે છે. એટલા માટે હેઝલનટ્સને સંતુલિન સેવન ડાયાબિટીસ દર્દી માટે ફાયદાકારક છે. વજન ઘટાડશે-હેઝલનટ્સના નિયમિત સેવન કરવાથી વજન પણ ઓછું થાય છે. હેઝલનટ્સમાં પ્રચૂર માત્રામાં પોષક તત્વો જોવા મળે છે. જેનાથી પ્રોટીન અને ફાઈબરની પ્રચૂરતા હોય છે. આ કારણે જો સવારમાં હેઝલનટ્સનું સેવન કરવામાં આવે તો આખો દિવસ ભૂખ નથી લાગતી. તેનાથી લોકો ઓવરઈટિંગ કરવાથી દૂર રહેશે.

### સતત બીજા ટ્રેડિંગ સેશનમાં બજારમાં કડાકો

# સેન્સેક્સમાં ૩૬૬, નિફ્ટીમાં ૧૧૫ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

### ફાર્મા, ઓટો, આઈટી, મેટલ્સ, એનર્જી, મેટલ્સ, રિયલ એસ્ટેટ, હેલ્થકેર અને ઓલ એન્ડ ગેસ સેક્ટરના શેરો ઘટીને બંધ રહ્યા

। મુંબઈ, તા.૧૧ ।

આજે ફરી માર્કેટ લાલ નિશાન સાથે બંધ થયું છે. સેન્સેક્સ ૩૬૫.૫૩ પોઈન્ટ તૂટ્યો છે જ્યારે નિફ્ટી ૧૯,૪૫૦ની નીચે બંધ થયો છે. સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ સેશનમાં અને સતત બીજા ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજાર ઘટાડા સાથે બંધ થયું હતું. એફએમસીજી અને બેંકિંગ શેરોમાં વેચવાલીનાં કારણે બજારમાં આ ઘટાડો અને વેચવાલી જોવા મળી રહી છે. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૩૬૫.૫૩ પોઈન્ટ ઘટીને ૬૫,૩૨૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૧૫ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૪૨૮ પોઈન્ટ પર બંધ થયો હતો. આજના કારોબારમાં બેંકિંગ શેરોમાં વેચવાલીથી બેંક નિફ્ટી ૩૦૩ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો. એફએમસીજી શેરોમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. આ સિવાય ફાર્મા, ઓટો, આઈટી, મેટલ્સ, એનર્જી, મેટલ્સ, રિયલ એસ્ટેટ, હેલ્થકેર અને ઓલ એન્ડ ગેસ સેક્ટરના શેરો ઘટીને બંધ રહ્યા હતા. માત્ર કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં તેજી જોવા મળી છે. આજના કારોબારમાં સ્મોલ કેપ અને મિડ કેપ શેરો પણ નીચે બંધ થયા છે. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૭ વધ્યા અને ૨૩ ઘટાડા સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૧૧ વધીને અને ૩૯ ઘટીને બંધ રહ્યા હતા. શેરબજારમાં ઘટાડાને કારણે આજના કારોબારમાં રોકાણકારોની સંપત્તિમાં ઘટાડો જોવા મળ્યો છે. BSE પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને રૂ. ૩૦૪.૫૮ લાખ કરોડ થયું છે, જે અગાઉના સત્રમાં રૂ. ૩૦૫.૫૪ લાખ કરોડ હતું. આજના સત્રમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૯૬,૦૦૦ કરોડનો ઘટાડો થયો છે. શુક્રવારે શેરબજાર સપાટ ખુલ્યું હતું. બજારના મુખ્ય સૂચકાંકો મામૂલી ઘટાડા સાથે લાલ નિશાનમાં કારોબાર કરી રહ્યા છે. BSE સેન્સેક્સ લગભગ ૧૬૦ પોઈન્ટ ઘટીને ૬૫,૫૦૦ની સપાટીએ પહોંચી ગયો છે. એ જ રીતે નિફ્ટી પણ ૫૦ પોઈન્ટ લપ સીને ૧૯,૫૦૦ પર આવી ગયો છે. બેંકિંગ, એફએમસીજી,મેટલ, ફાર્મા શેર બજારના ઘટાડામાં મોખરે છે, જ્યારે આઈટી અને રિયલ્ટી શેર્સમાં ખરીદી છે. પરિણામ બાદ એલઆઈસીના સ્ટોકમાં જોરદાર ખરીદી જોવા મળી રહી છે અને સ્ટોક ૪ ટકાની તેજી સાથે ટ્રેડ થઈ રહ્યો છે. એચસીએલ ટેક્નોલોજીસ, પાવર ગ્રીડ કોર્પ, ટેક મહિન્દ્રા, હીરો મોટોકોર્પ અને એલટીઆઈમિન્ડટ્રી નિફ્ટીમાં ટોપ ગેઈનર્સ હતા, જ્યારે એનટીપીસી, સિપ્લા, સન ફાર્મા, આઈસીઆઈસીઆઈ બેંક અને બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ ઘટ્યા હતા.




## રાહુલ ગાંધી પાસે છોકરીઓની કોઈ કમી નથી : કોંગ્રેસ ધારાસભ્ય

। નવાદા, તા.૧૧ ।

બિહારના નવાદાના હિસુઆથી કોંગ્રેસના ધારાસભ્ય નીતૂ સિંહે ફરી એક વાર વિવાદિત નિવેદન આપ્યું છે. આ વખતે તેમના ટાર્ગેટ પર કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની છે. હકીકતમાં જોઈએ તો, સ્મૃતિ ઈરાનીએ લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા દરમ્યાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ફ્લાઈંગ કિસને લઈને રાહુલ ગાંધી પર પ્રહાર કર્યા હતા. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ સદનની અંદર રાહુલ ગાંધીના આ વ્યવહારની ટિકા કરી હતી. તો વળી હવે ફ્લાઈંગ કિસ મામલા પર કોંગ્રેસના ધારાસભ્ય નીતૂ સિંહે વિવાદિત નિવેદન આપતા કહ્યું કે, અમારા નેતા રાહુલ ગાંધી પાસે છોકરીઓની કોઈ કમી નથી. તેમણે કહ્યું કે, જો ફ્લાઈંગ કિસ આપવી હશે તો કોઈ છોકરીને આપશે. ૫૦ વર્ષની વૃદ્ધ મહિલાને તે ફ્લાઈંગ કિસ શું કામ આપે. એટલા માટે તેમના દ્વારા લગાવવામાં આવેલા તમામ આરોપ નિરાધાર છે. નીતૂ સિંહે કહ્યું કે, કોઈ ફ્લાઈંગ કિસનો મામલો નથી. કેન્દ્રીય મંત્રી સ્મૃ તિ ઈરાની પોતાનું જુઓ, જેને બહેનપ ણીએ સંરક્ષણ અને મદદ કરી, તેના જ પતિને ભગાડીને લગ્ન કરી લીધા. નીતૂ સિંહે કહ્યું કે, સ્મૃતિ ઈરાની અમારા નેતા રાહુલ ગાંધી પર વાત કરે છે. તેમને શરમ આવવી જોઈએ કે આવા સવાલો ઉઠાવે છે.

### એક ટાઈમ ટ્રાવેલર દ્વારા કરવામાં આવ્યો છે

# એક અનોખો કિસ્સો : ૩૯૭૭ વર્ષ પછીની દુનિયા જોઈ આવ્યો માણસ!

### આજથી ૩૯૭૭ વર્ષ પછી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ યુગમાં જીવશે, અહીં ટેકનોલોજી, સરકાર, દવાઓ આધુનિક જીવનને જૂના સમય જેવું બનાવશે

। નવી દિલ્હી, તા.૧૧ ।

દુનિયામાં એવા ઘણા લોકો છે જેઓ ભવિષ્યની વાતો કહેવાનો દાવો કરે છે. કેટલાક લોકો ગ્રહો અને નક્ષત્રોની ગતિ દ્વારા વ્યક્તિને જોઈને તેના જીવનમાં આવનારી ઘટનાઓનું વર્ણન કરવાનું શરૂ કરે છે. આવા ઘણા લોકો હવે સોશિયલ મીડિયા પર તેમના વીડિયો પણ મૂકે છે. જો કે, કેટલાક લોકો એવા પણ હોય છે જેઓ પોતે દાવો કરે છે કે તેઓ સેંકડો વર્ષ આગળની દુનિયાને જોયા પછી પાછા ફર્યા છે અને ભવિષ્યમાં બનવાની તમામ મહત્વપૂર્ણ બાબતોની આગાહી કરવાનું શરૂ કરે છે. તેનો દાવો છે કે લોકો આજથી ૩૯૭૭ વર્ષ પછી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ યુગમાં જીવશે. અહીં ટેકનોલોજી, સરકાર, દવાઓ આધુનિક જીવનને જૂના સમય જેવું બનાવશે. તેણે એક શહેરનું ચિત્ર પણ બતાવ્યું, જે વોટર કલર પેઈન્ટિંગ જેવું લાગતું હતું. રિપોર્ટ અનુસાર આવા જ એક ટાઈમ ટ્રાવેલરે દાવો કર્યો છે કે તે વર્ષ ૬૦૦૦ની તસવીર જોઈને આવ્યો છે. તેમણે ટેક્નોલોજી અને પરિવર્તન વિશે ઘણું બધું કહ્યું હતું અને એ પણ સમજાવ્યું હતુ કે આપણા જીવનમાં કેટલી વસ્તુઓ બદલાશે. પોતાને ટાઈમ ટ્રાવેલર ગણાવતા આ વ્યક્તિએ એવી વાતો કહી છે, જેના પર વિશ્વાસ કરવો સરળ નથી. તે દાવો કરે છે કે તેણે ભવિષ્ય જોયું છે.

### એક શખસે ટિકિટ બુક કરીને સોશિયલ મીડિયા પર મૂકી

# સીમા હૈદરની પાકિસ્તાન જવાની ટિકિટ કપાઈ ગઈ ?

### સીમા હૈદર અને સચિન પર ફિલ્મ બનાવવાની જાહેરાત થયા બાદ લોકોએ પોતાનો ગુસ્સો ઠાલવવાનું શરુ કરી દીધું છે

। નવી દિલ્હી, તા.૧૧ ।

પ્રેમ ખાતર સરહદ પાર કરીને ભારત આવેલી સીમા હૈદર સતત ચર્ચામાં છે. એકદમ ફિલ્મ જેવી સીમા હૈદર અને સચિનની લવ સ્ટોરી સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ રહી છે. આ દરમિયાન તેમને નોકરીને ઓફર અને તેમની પ્રેમ કહાનીને ફિલ્મી પડદે બતાવવાની પણ તૈયારીઓ ચાલી રહી છે. ફિલ્મ માટે ઓડિશન પણ શરુ થઈ ગયા છે. ત્યારે સૂત્રો દ્વારા હવે એવા રિપોર્ટ સામે આવ્યા છે કે, સીમા હૈદરની પાકિસ્તાન જવાની ટિકિટ કપાઈ ગઈ છે. એટલે કે ટૂંક સમયમાં સીમા હૈદરને પાકિસ્તાન પરત જવાનો વારો આવી શકે છે. જો કે, આ વાતનો ખુલાસો પણ ટૂંક સમયમાં થઈ જશે. સીમા હૈદર અને સચિન પર ફિલ્મ બનાવવાની જાહેરાત થયા બાદ લોકોએ પોતાનો ગુસ્સો ઠાલવવાનું શરુ કરી દીધું છે. વાત એવી છે કે, સીમા તેના ચાર બાળકો સાથે ભારતમાં ગેરકાયદે દાખલ થઈ છે. આ સ્થિતિમાં તેમના પર ફિલ્મ બનાવવાની જાહેરાતે આગમાં ઘી હોમવાનું કામ કર્યુ છે. એ પછી અભિષેક સોમ નામના એક શખસે આનો વિરોધ કરતા સીમા હૈદર અને તેના પર ફિલ્મ બનાવવા જઈ રહેલાં અમિત જાનીની પાકિસ્તાનની ટિકિટ કપાવી છે.

## તંત્રી લેખ...

# વિદ્યાર્થીઓને મોબાઈલનો દુરુપયોગ નહી સદ્‌ઉપયોગ શિખવ્યે

વિદ્યાર્થીને ભણવામાં મોબાઈલનો ઉપયોગ કરવાની છુટ મળવી જોઈએ એટલું જ નહીં. મોબાઈલનો મહત્તમ ઉપયોગ ભણવામાં કરાવવો જોઈએ. વિદ્યાર્થીઓ મોબાઈલનો દુરુપયોગ કરે છે. એવી દલીલ યોગ્ય નથી. તેમને સદઉપયોગ કરતાં શીખવવા અને દુરુપયોગ કરતા રોકવાની જવાબદારી આપણી છે. દુરુપયોગના નામે મોબાઈલથી શિક્ષણને દૂર રાખવાનું પગલું આત્મઘાતક છે. આજે નહીં તો ભવિષ્યમાં, મોબાઈલને શિક્ષણનો સૌથી મહત્ત્વનો ભાગ બનાવવો પડશે. દાયકાઓ પહેલાં પરિક્ષામાં કેલક્યુલેટર લઈ જવાની મનાઈ હતી, હવે કેલ્ક્યુલેટર પરિક્ષામાં આવશ્યક બનાવી દેવામાં આવ્યું છે. એવું જ મોબાઈલનું થવાનું છે. છેલ્લા બે વર્ષ કોરોનાની મહામારી આવી ત્યારે આખી દુનિયામાં શિક્ષણ ઓનલાઈન ચાલ્યું, મોબાઈલ પર જ ચાલ્યું, બહાર નીકળી શકાય તેમ જ નહોતું, ઓનલાઈન મજબુરી હતી એટલે બધાએ અપનાવી. માણસ સામાન્ય સંજોગોમાં પરિવર્તનને સ્વિકારતો નથી. મજબુરી હોય તો જ પરિવર્તનને અપનાવે છે.

શાળાઓના સંચાલકોને પૂછવા જેવો એક પ્રશ્ન છે. જે વિદ્યાર્થીઓ ટોપર છે તેમને બધા વિષયમાં ૯૫ પ્લસ માર્કસ આવે છે. જે એવરેજ વિદ્યાર્થીઓ છે તેને બધા વિષયમાં ૬૦-૭૦ માર્ક્સ આવે છે અને જે નબળા છે તેમને માંડ પાર્સિંગ માર્કસ મળે છે. ઘણાને તો તે પણ નથી મળતા. પ્રશ્ન એ છે કે, નબળા અને એવરેજ વિદ્યાર્થીઓ તમામ વિષયમાં નબળા અને એવરેજ હોય એવું કેમ બની શકે ? કોઈ એક વિષયમાં તો હોશિયલ હોય ને ? પણ ક્યારેય કોઈ નબળો વિદ્યાર્થી કોઈ એક વિષયમાં ૯૮-૯૯ માર્કસ કેમ લાવી શક્તો નથી ? કેમ કોઈ એવરેજ વિદ્યાર્થી એકપણ વિષયમાં તેના એવરેજ માર્કસથી વધુ માર્કસ કે ગ્રેડ લાવી શક્તો નથી ? દરેક એવરેજ અને નબળા વિદ્યાર્થી દરેક વિષયમાં એવરેજ કે નબળા જ હોય ? કોઈ વ્યક્તિ દરેક વિષયમાં નબળી હોય એવું સંભવ નથી. કોઈ ક તો એવો વિષય, એવું ક્ષેત્ર હોય જેમાં તેને રસ હોય, જે તેને ફાવતું હોય, માણસ જન્મથી જ અમુક ગુણો લઈને આવે છે. કોઈ ગણિતમાં હોશિયાર હોય, કોઈને સંગીત ફાવતું હોય, કોઈને બાયોલોજીમાં મજા પડતી હોય, શાળામાં નબળા કે એવરેજ વિદ્યાર્થીમાંથી કોઈને પોતાના ગમતા વિષયમાં ૯૫-૯૮ માર્સ ન આવતા હોય તે સારુ કહેવાય પરંતુ વર્ષોથી શિક્ષણ માત્ર ટિચિંગ પર ધ્યાન કેન્દ્રિત કરીને જ ચાલે છે. લર્નિંગ પર નહીં, જરૂર છે લર્નિંગ ટુ લર્નની શિખતા શીખવાની જરૂર છે.



વિશેષ

હનિફ એ. મેમણ (રાજ)
ડીસા

# હકારાત્મક વર્તન

જૂતા બનાવતી એક કંપનીએ પોતાના માલના વધુ વેચાણ માટે એક અધિકારીને આફ્રિકાના એક દેશમાં મોકલ્યા. એ અધિકારીએ ત્યાં જોયું કે આફ્રિકાના એ દેશમાં મોટા ભાગના લોકો જૂતા પહેરતા જ નથી. તો એને તરત જ કંપનીને ફોન કરીને જણાવ્યું, “સર, અહીં જરા પણ માલ મોકલશો નહીં. આ દેશના લોકો જૂતા પહેરતા જ નથી. એટલે આપણો ધંધો બિલકુલ ચાલશે નહીં.’’

આજ રીતે બીજી એક કંપનીએ પણ પોતાના વેચાણ અધિકારીને તે દેશમાં મોકલ્યા. તે અધિકારીએ ત્યાંની પરિસ્થિતિ જોઈ અને કંપનીને ફોન કરીને કહ્યું,’’ સર, અહીં બે વહાણ ભરીને જૂતા મોકલો. આ દેશમાં આપણો બિઝનેસ જોરદાર ચાલશે. કારણ કે અહીંના લોકો જૂતા પહેરતા જ નથી.’’

કોઈ એક વ્યક્તિ પ્રત્યે, સમાજ પ્રત્યે કે ઘટના તરફ તમારુ વર્તન કેવું હશે તેનો આધાર તમારા મનમાં તે વ્યક્તિ, તે સમાજ કે તે ઘટના પ્રત્યે કેવી માન્યતા પેદા થયેલી છે તેના પર હોય છે. એ માન્યતાના આધારે જ તમારા મનમાં તેના પ્રત્યે હકારાત્મક કે નકારાત્મક લાગણીઓ જન્મે છે. એ લાગણીઓ તમારું વર્તન કેવું બનશે તે નક્કી કરે છે. કોઈ ધાર્મિક સ્થાનમાં દાખલ થતા પહેલા તમે બૂટ કે ચંપલ બહાર ઉતારો છો તેનું કારણ એ છે કે તમારા દિલમાં ધાર્મિક લાગણી પેદા થઈ છે. અને એ લાગણી પેદા થવાનું કારણ એ છે કે તમારી માન્યતા છે કે એ સ્થળે ઈશ્વર છે.


આપણે સૌ બીજા લોકોને તેમનું વર્તન સુધારવા સલાહ - સૂચનોનો મારો ચલાવીએ છીએ. પણ આપણા વર્તનના મૂળમાં રહેલ માન્યતા તરફ આપણું ધ્યાન ભાગ્યે જ જાય છે. શરૂઆતમાં આપેલ ઉદાહરણમાં જૂતા બનાવતી પ્રથમ કંપનીના અધિકારીએ માની લીધું કે આફ્રિકાના લોકો જૂતા પહેરવાના જ નથી. તેથી તેને નિરાશાની, હતાશાની લાગણી થઈ અને એ હતાશાની લાગણીને કારણે તેનું વર્તન નકારાત્મક બની બન્યું. જ્યારે બીજી કંપનીના અધિકારી સામે પણ એ જ હકીકતો આવી. છતાં તેમાંથી તેણે હકારાત્મક માન્યતા કેળવી. તેણે એવું માન્યું કે આ લોકો જૂતા પહેરતા જ નથી. જો હું તેમને જૂતા પહેરવાનું મહત્વ સમજાવીશ તો બધા જ લોકો જૂતા ખરીદશે. આમ તેણે હકારાત્મક માન્યતા કેળવી.

હકારાત્મક વિચારસરણીવાળા લોકોની ખૂબી એ હોય છે કે તેઓ ખરાબ કે પ્રતિકૂળ વ્યક્તિ કે સમાજ કે ઘટનામાંથી પણ સારી બાબતો તારવી શકે છે. આ બાબતોનો સાનુકૂળ ઉપયોગ કરી શકવાનો તેમને વિશ્વાસ હોય છે. આ કારણોસર તેમની લાગણીઓ હંમેશા હકારાત્મક બને છે. બીજી કંપનીના આ અધિકારીએ પણ આવી જ હકારાત્મક લાગણીઓથી પ્રેરાઈને હકારાત્મક વર્તન કર્યું.

કોઈ એક કામથી કંટાળીને જ્યારે એક વ્યક્તિ કહે, “હું થાકી ગયો છું. અને હાર સ્વીકારું છું.’’ જ્યારે બીજો માણસ એવી જ પરિસ્થિતિમાં કહે,’’ અરે વાહ, ઝઝૂમવા માટે મને કેવડી મોટી તક મળી!!’’ત્યારે કહી શકાય કે પહેલો વ્યક્તિ નકારાત્મક વર્તન અપનાવે છે. જ્યારે બીજો વ્યક્તિ હકારાત્મક વર્તન અપનાવે છે.

આપણે સફળ થવા માટે હંમેશાં હકારાત્મક વર્તન અપનાવવું જોઈએ. નકારાત્મક લાગણીઓ અને વિચારોને દૂર કરી દેવા જોઈએ. અંતે તો હકારાત્મક વર્તનથી જ સફળતા મેળવી શકાય છે.

# આશ્રિત અપરાધ કરે તો એ ગુરુ અપરાધ કહેવાય, એવાં દસ પ્રકારના ગુરુ અપરાધથી આશ્રિતે બચવું



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

સાતમા દિવસની માનસ મહાકાલની કથામાં પ્રવેશ કરતાં પૂજ્ય બાપુએ કહ્યું કે ગુરુકૃપાથી જે સમજાયું તેની આપણે તાત્વિક સાત્વિક ચર્ચામાં મહાકાલનાં મંદિરમાં જ્યાં એક બુદ્ધ પુરુષ બેઠાં છે, અને તેનો આશ્રિત કે જેણે ગુરુના ૧૦ અપરાધ કર્યા છે, તે પણ બેઠો છે. એ આશ્રિતનો એ વખતનો મહાકાલના મંદિરમાં છેલ્લી વારનો પ્રવેશ બતાવાયો છે. કારણ કે ત્યાર પછી એ લોમસના ઘરે બ્રાહ્મણ પુત્ર તરીકે જન્મે છે, અને પછી કાગડો બની જાય છે. બીજી રીતે કહું તો ભૂષંડીજીનો પછી મહામૃત્યુંમાં હવે પ્રવેશ નહીં થાય, હવે એ ઈચ્છામૃત્યુ થઈ ગયો છે, અને આ વાત તે પોતે જ કહે છે.

તજઉં ન તન નિજ ઈચ્છા મરના,
તન બીનુ બેદ ભજન નહિં બરના.

હે ગરુડ! હું હવે કાગડાનું શરીર છોડવા નથી માંગતો, મને ગુરુકૃપાથી કે મહાદેવની કૃપાથી ઈચ્છા મરણનું વરદાન પ્રાપ્ત થયું છે, અને વેદમાં કહ્યું છે કે શરીર વિના ભજન નહીં થાય. કોઈ બુદ્ધ પુરુષનું સાનિધ્ય પ્રાપ્ત થઈ જાય એને વળી મરણ કેવું! શરીરની વાત છોડો!

બુજને સે જીસ ચિરાગ ને ઈનકાર કર દિયા,
ચક્કર કાટ રહી હૈ હવાએ ઉસી કે પાસ!
અસતો મા સદગમય,
તમસો મા જયોર્તિગમય
મૃત્યો મા અમૃતં ગમય.

આપણા ઉપનિષદમાં પણ આવી ઘોષણા કરવામાં આવી છે. ભુષંડીજી મહાકાલનાં મંદિરમાં પછી પ્રવેશ્યા નથી, તો કોઈએ શિવને પૂછ્યું કે તો હવે તમે શું કરશો તો શીવે કહ્યું કે હું એની પાસે જઈશ, અને ભગવાન શંકર હંસના રૂપ માં ભૂષંડીજીની કથા સાંભળવા ગયાં, હંસ બનીને છેલ્લી પંક્તિમાં બેસીને એમણે કથા સાંભળી આ છે. આપણી અસ્મિતા કે અધ્યાત્મની રૂડી પરંપરા! કે જ્યાં ખુદ મહાકાલ શિવ એને મળવા જાય છે.

ભૂષંડીજી એ દસ અપરાધ કર્યા છે, બની શકે તો ગુરૂ અપરાધથી બચવું. ગરુડ એને પૂછે છે કે તમે તમારા બુદ્ધ પુરુષને જોયા નહોતાં! કે આંખો બંધ હતી? એણે કહ્યું કે ના મેં એને જોયા હતાં, પણ અણદેખ્યું કર્યું. પ્રજ્ઞા ચોરીની વાત કરતા કહ્યું કે આજકાલ સમાજમાં પ્રજ્ઞા ચોરી થાય છે. જેનું ચિંતન હોય એનું નામ સાથે કહેવાથી આપણે કંઈ નાના થઈ જતા નથી.

ભૂષંડીજીનાં દસ અપરાધ ગણાવતા કહ્યું કે (૧) ગુરુ સાથે અદ્વૈત સંબંધ રાખવો, એ પ્રથમ અપરાધ છે. એ ગુરુ અને હું એનો આશ્રિત, એ સ્વામી હું સેવક, એમ દ્વૈત સંબંધ જ ત્યાં હોય. (૨) ગુરુ પ્રત્યે દ્વેષ ઈર્ષા અને સ્પર્ધા ને કારણે વારંવાર ગુરુદ્રોહ. (૩) ગુરુમાં મનુષ્ય બુદ્ધિ જોવી એ ત્રીજો અપરાધ છે, ગુરુ નર રૂપ હરિ છે. પૂર્ણ નિષ્ઠા વાળા માટે ગુરુ મનુષ્ય નથી ઈશ્વર છે. (૪) ગુરુએ આપેલો મંત્ર છોડી દેવો, એ ચોથો અપરાધ છે. ગુરુને છોડી દ્યો એને ખરાબ નહિ લાગે, પણ મંત્ર સાર્વભૌમ છે, એટલે એને ક્યારેય છોડવો નહીં. ડોંગરે મહારાજને યાદ કરતા કહ્યું કે મંત્ર, મુર્તિ, અને માળા ક્યારેય છોડવા નહીં તેવું એ પણ કહેતા.(૫) ગુરુ ગ્રંથ છોડવો એ પાંચમો અપરાધ છે, કોઈ વૈદિક શાસ્ત્ર આપણા ગુરુએ આપણને આપ્યું હોય તો, એના મૂળિયા પકડીને નવા નવા ફૂલ ખીલવવા અથવા તો નવા નવા અર્થ કરવાં, પણ એ ગ્રંથ ક્યારેય છોડવો નહીં. (૬) ગુરુ ગાદીની કામના રાખવી એ છઠ્ઠો અપરાધ છે, ગુરુની ગાદી નહીં પણ ગોદની કામના રાખવી એટલે કે, બાળક જેમ એના સ્નેહના અધિકારી થવું. (૭) ગુરુને સાધ્યની બદલે સાધન બનાવવાં એ સાતમો અપરાધ છે. એટલે કે એના નામનો ઉપયોગ કરી, અને પ્રતિષ્ઠા કમાઈ લેવી. (૮)એની પાદુકા રાખવી એનું પૂજન કરવું પણ તેના વચન ને અનુસરવું નહીં, એનાં પદ એટલે કે કવિતા ગીત ગઝલ ને પણ પદ કહેવામાં આવે છે, તો એનું અપમાન કરવું એ આઠમો અપરાધ છે.(૯) ગુરુને સોના ચાંદીના સિક્કાથી તોલવા એ નવમો અપરાધ છે, આવી પરંપરા છે, પરંતુ આશ્રિત પોતાનો ભાવ માટે થઈને આવું કરતો હોય છે, ગુરુને તેનાથી કંઈ ફેર પડતો નથી, એટલે કે સોના ચાંદીનું તેને મને કોઈ મહત્વ હોતું નથી. ગુરુને એની સાદગીથી તોલો, એના વૈરાગ્યથી તોલો, એના અંતકરણના ઊંડાણથી તોલો (૧૦) ગુરુને અંધારામાં રાખી એની સામે ખોટું બોલવું એ દસમો અપરાધ છે. એ તો ભદ્ર પુરુષ છે, વૈષ્ણવ છે, તમારી વાત સાચી માની લેશે, પણ આપણે અપરાધી થઈ જઈશું માટે ગુરુ સામે સાચું જ બોલવું.

આશ્રિત અપરાધ કરે તો એ ગુરુ અપરાધ કહેવાય એ જ રીતે, તથાકથિત ગુરુઓ પણ શિષ્યનો અપરાધ કરે છે, અને એ પણ દસ અપરાધ તુલસી એ લખ્યા છે. તો પલ્લું તો સરખે સરખું હોવું જોઈએ, એટલે કે આશ્રિતને પણ કહેવાતાં ગુરુઓથી નુકસાન ન થવું જોઈએ.

હરહિં શિષ્ય ધન શોક ન હરહિં,
સો ગુરુ ચોર નમક માહિ પરહિં.

તુલસીજી અપરાધ ગણાવતા કહે છે કે (૧) જે ગુરુ શિષ્યનું ધન હરી લે છે, પણ જેના જન્મજન્મનાં શોક હરતાં નથી, એ ગુરુ શિષ્ય અપરાધ કરી રહ્યા છે.(૨) શિષ્ય અને શિષ્ય પરિવારનું શોષણ કરવું તે બીજો અપરાધ છે, કારણ કે ગુરુ શોષક નહીં પરંતુ પોષક હોય છે. (૩) અશુદ્ધ મંત્ર દાન કરવું એ ત્રીજો અપરાધ છે, કારણકે જેમણે મંત્ર સિદ્ધ કર્યો હોય એ જ મંત્રનું દાન કરી શકે, એટલે કે મંત્ર દીક્ષા કે નામ દીક્ષા આપી શકે. શાસ્ત્ર વિરુદ્ધ કે વેદ વિરુદ્ધ મંત્રનું દાન એ શિષ્ય પરાધ છે. (૪) શિષ્યને વારંવાર પ્રલોભન આપવું કે ભય બતાવવો, એ પણ તેનો અપરાધ છે. શિષ્યને મોક્ષનું પણ પ્રલોભન આપવું નહીં, એમને પ્રેમ કરવો અને રામ ભજત સોઈ મુક્તિ ગોસાઈ. આતો નીતિનો પ્રદેશ છે, અહીં કોઈ કહે કે મેં ઈશ્વર તત્વને જાણી લીધું તો, એને ક્યારેય સંત કે ઈશ્વર સમજવા નહીં! (૫) લાભ મેળવવા માટે શિષ્યની ખોટી પ્રસંશસા કરવી, એ પણ એક અપરાધ છે! એમ કરવાથી ખુદની સરસ્વતી રૂઠી જશે અને શિષ્યનું પણ અકલ્યાણ થશે! (૬) શિષ્ય નીપાત્રતા જોયા વિના એમની પાસે શાસ્ત્ર ખોલવું એ પણ અપરાધ છે,અને એટલે જ આપણી ગંગાસતી કહે છે કૃપાત્રની આગળ વસ્તુ ન વાવીએ સમજીને રહીએ ચૂપ રે... એટલે કે અ પાત્રની આગળ શાસ્ત્ર દાન એ અપરાધ છે. (૭) આશ્રિત ભૂલ કરે અને ગુરુ એ વાતનો બદલો લેવા માટે તૈયાર થઈ જાય તો એ પણ એક અપરાધ છે, ગુરુ બદલાનો નહીં, પણ બલિદાનનો માણસ છે.(૮) પરચા અને ચમત્કારની વાતો કરવી અને શિષ્યને છેતરવો. (૯) ગુરુ તરફથી શિષ્યને અમુક પ્રકારની પદવીઓ આપવામાં આવે જેમકે સેવક શિરોમણી, સેવક રત્ન, સેવક શ્રી! તો આવી પદવીઓ આપી અને આશ્રિતની કેટેગરી બનાવવી એ પણ એક અપરાધ છે. (૧૦) દસમો અને અંતિમ અપરાધ ગણાવતા કહ્યું કે આશ્રિત આગળ બ્રહ્મનું નિરુપણ કરવાની બદલે જે તેને ભ્રમમાં રાખે, એટલે કે બ્રહ્મનું નિરૂપણ નહીં ભ્રાંતિઓનું નિરૂપણ કરે એ અપરાધ છે.

સાચાં સંત સાધુ કે સદગુરૂ કોને કહેવા? એમ કરી એક ગુજરાતી ગઝલ કહી.

ખાંપણ સરખો ખેસ કબીરા,
લોક કહે દરવેશ કબીરા.
લીરેલીરા જીવતર ઓઢી,
છોડી ચાલ્યો દેશ કબીરા.

અહાલેક કરીને જીવન મરણની પરવાહ કર્યા વગર જે ખાંપણ જેવડો ખેસ એટલે કે પહેરણ કે જીવન સાધન સ્વીકારીને સમાજ માટે નીકળી પડે. અલખ જગાવીને જે દિશા બદલી નીકળી જાય એ સાધુ છે.

ફરી પાછા મહાકાલનાં મંદિરમાં લઈ જાય છે અને ત્યાં આગળ ભૂષંડીજીએ પોતાના ગુરુને જોયા છતાં દંડવત ન કર્યા, એ ઘટનાનું સ્મરણ કર્યું અને કહ્યું કે ભૂષંડીજી જો મંત્રનું રટણ કરતા હોત તો, એ ગુરુ અપરાધ ન કહેવાય! કારણ કે મંત્રમાં અમુક નિયમો હોય છે, અને તે અમુક સંખ્યામાં પૂરા ન થાય ત્યાં સુધી ઉભું થવાતું નથી. પરંતુ એ તો નામ સ્મરણ કરી રહ્યા હતા, અને છતાં ગુરુને દંડવત ન કર્યા. એટલે મહાકાલ કોપિત થયાં, અને શિવે શાપ આપ્યો. આશ્રિતના બુદ્ધ પુરુષ મદદે આવે છે, બિલકુલ બાળકને એના પિતા દંડ દેતા હોય, ત્યારે જેમ એની માતા વચ્ચે પડીને એનો અપરાધ નથી, એની ભૂલ નથી, એમ કરે છે, એ જ રીતે બુદ્ધ પુરુષ પણ શિવને કહે છે કે, મારી જ કોઈ ખામી રહી ગઈ હશે, માટે એને માફ કરી દો. ભૂષંડીજીને બહુ પસ્તાવો થાય છે, એ બુદ્ધ પુરુષના ચરણોમાં દંડવત કરે છે. પરંતુ અબ ચીડિયા ચૂગ ગઈ ખેત, ની જેમ શિવ કોપિત થઈ ચૂક્યા હતાં, અને તેના ક્રોધને શાંત કરવા માટે એ બુદ્ધ પુરુષ રુદ્રાષ્ટકનું ગાયન કરે છે, અને એની સાત્વિક તાત્વિક ચર્ચા આપણે કરી રહ્યા છીએ. શિવ કૃપાળુ છે, પરંતુ આપણા ગુરુ અતિ કૃપાલુ છે, અને એ આપણાં દંડને પોતાની પર લઈ લેતા હોય છે. એટલે સંત કે સદગુરુના અપરાધથી બચવા માટે રુદ્રાષ્ટક પર્યાપ્ત છે. હું કહું છું કે રુદ્રાષ્ટક સિદ્ધ અષ્ટક છે, અને શુદ્ધ અષ્ટક છે, જે આપણા અંતકરણને પણ શુદ્ધ કરી દે, એવું રુદ્રાષ્ટક એ બુદ્ધ પુરુષ દ્વારા મહાકાલના મંદિરમાં ગાવામાં આવ્યું હતું.


કથાનાં ક્રમમાં આગળ વધતાં કહ્યું કે ગઈકાલે આપણે જોયું કે ભગવાન શંકરને સમાધિમાંથી જાગૃત કરવા માટે કામદેવ આવ્યાં, અને ભગવાને તેને બાળીને ભસ્મ કરી દીધાં. શિવ જાગૃત થયા અને સ્વાર્થી દેવતાઓ શિવ પાસે જઈને એની પ્રશંસા કરી, અને એમને લગ્ન કરવા માટે મનાવી લે છે. મહાદેવ મનોમન કહે છે કે, તમે દેવ છો તો હું મહાદેવ છું! તમારા કહેવાથી કે તમારી પ્રશંસા કરવાથી હું લગ્ન નહીં કરું, પરંતુ મારા ઠાકુરે મને આદેશ આપ્યો છે, માટે હું લગ્ન કરવા તૈયાર છું. પછી તો શિવનાં ગણો દ્વારા શિવનાં શૃંગાર વગેરેનું વર્ણન કર્યું, જાનનું વર્ણન કર્યું. પાર્વતી નાં દુલ્હાને જોઈ હિમાચલવાસી ઓની દ્વિધા બતાવી, દુલ્હના દેશમાં ભગવાન શંકરનું રૂપ જોઈ, રાજા હિમાચલ અને મેનાવતીનાં દુઃખનું વર્ણન કર્યું. નારદ આવ્યાં અને એમણે તેમની શંકાનું સમાધાન કર્યું કે આ પુત્રી મા જગદંબા છે, અને ભગવાન શંકર તેના જન્મો જન્મના સ્વામી છે. અષ્ટ સખીઓ દ્વારા પાર્વતીના શૃંગારની તેમજ પાણીગ્રહણની વિધિ બતાવી. હિમાચલ અને મેનાવતી એ ભારે હૃદય પુત્રીની વિદાય કરી. રંક હોય કે રાજા પણ પુત્રીની વિદાય, દરેક માતા-પિતા માટે વસમી વેળા છે, એ વાતનું પણ સવિસ્તાર વર્ણન કર્યું. હિમાચલથી વિદાય લઈને શંકર પાર્વતી કૈલાશ આવે છે, અને ભગવાન શંકર અને મા પાર્વતીના નિતનૂતન વિહારનું તુલસીદાસજી મર્યાદામાં વર્ણન કરે છે. દિવસો વીતવા લાગ્યા અને મા પાર્વતી કાર્તિકને જન્મ આપે છે. કાર્તિકેયનો એક અર્થ પુરુષાર્થ થાય છે, અને કાર્તિકનાં છ મુખ, એટલે પુરુષાર્થના પણ છ મુખ હોય છે. કાર્તિકેય તાડકા સુરનો વધ કરે છે, અને દેવતાઓને તેમના સુખ અને ભોગ પ્રાપ્ત થાય છે. ત્યારબાદ એક દિવસ શિવ પ્રસન્નતાથી વટ નીચે વિશ્રામ કરતાં બેઠા છે, ત્યાં પાર્વતી આવી અને શિવનાં વામ ભાગમાં આસન ગ્રહણ કરે છે. રામકથાની જીજ્ઞાસા વ્યક્ત કરે છે, અને કહે છે કે હે પ્રભુ મને રામ તત્વ સમજાવો, અને આમ ભગવાન શિવ, પાર્વતી સન્મુખ થઈ જ્ઞાનપીઠ ઉપરથી કથાનો પ્રારંભ કરે છે, અને આપણે એ કથા કાલે કરીશું એમ કરી કથાને વિરામ આપે છે.

# મારું મારું જીવનને વેર વિખેર કરે છે તારું તારું તારે છે, સંતોષી નર સદા સુખી..



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા



આજના મોબાઈલ મસ્ત હાઈફાઈ કક્ષાની ગાડી નિવાસ ધરાવતા માનવીના જીવનને ભૌતિક સુખ-સગવડથી સુખ-શાંતિથી ભરપૂર કહી શકાય ખરું ? વળી પ્રશ્ન થયો : ‘સતત દોડતા માનવીને શાંતિ મળતી કેમ નથી? આ પ્રશ્નનો જવાબ મેળવવા માટે, ઉદ્યોગપતિ વ્યાવસાયિકો, શિક્ષકો, વૃદ્ધો, ગૃહિણીઓ દરેકની પાસે એક જ. જવાબ મળશે કે ‘આ જીવનમાં શાંતિ કયાં.. શાંતિ મળે તો સુખનો અનુભવ કેમ નથી !’ આટલા બધામાં કોઈ સુખી નથી ! કોઈને શાંતિ મળતી નથી. બધા જ દોડે છે સુખ નામના માયાવી સુવર્ણ મૃગ પાછળ.. પણ દરેકની સુખની વ્યાખ્યા અલગ છે પણ દરેકની શાંતિ મેળવવાની ઝંખના એક સરખી જ છે. માનવી યુગયુગથી શાંતિ માટે તલસતો રહ્યો હતો શાંતિ’’ના મંત્રજાપ થી પણ તેને શાંતિ પ્રાપ્ત થતી નથી. એમાં પણ આજનો એકવીસમી સદીનો માનવી તો થાકી જવાય તેટલી દોડ લગાવી રહ્યો છે... હાંફીને લોથપોથ થઈ ગયો છે. અદ્યતન ટેકનોલોજીથી જીવન વધુને વધુ આરામપ્રદ, સગવડ યુક્ત બનતું ગયું. તો સાથેસાથે ગૂંચવણભર્યુ, મૂંઝવણભર્યું, હરિફાઈ યુક્ત, અવ્યવસ્થિત અને અવ્યવહારું બનતું ગયું,થોડાંક વર્ષો પહેલાની મોભો ગણાતી વસ્તુ આજની જરૂરિયાત બની ગઈ છે. જરૂરિયાત અસંતોષની જનની છે. અસંતોષ એ અતિની જનની છે. સુખના સાધનો જરૂરી છે પણ ચડસાચડસી માટે નથી. છતાં દેખાદેખીથી મોંઘા મહેલ જેવા રહેણાંક, મોંઘી કાર,હાઈ ફાઈ મોબાઈલ,એ.સી., ટી.વી., ફ્રીઝ વગેરે વસાવવાની ઈચ્છાને જરૂરિયાત સમજ લે છે અને તેને પહોંચી વળવા આધુનિક માનવી દોડી દોડીને થાકી જાય છે. જરૂરિયાત પૂરી કરવા નાણાં જોઈએ અને તે મેળવવા,માનવી વધુને વધુ ટૂંકોને સરળ રસ્તો શોધવા લાગ્યો છે. હજુ વધુ.,હજુ વધુ..ની લાલસા રાખી સમયની સાથે તાલ મેળવવાને બદલે સ્પર્ધા માંડી બેઠો છે. નાણાં મળે છે. જરૂરિયાત પૂરી થાય છે,

શુક્રાચાર્યની સેનાની જેમ નવી ઈચ્છા મો ફાડીને ઊભી રહે છે. ત્યારે આધુનિક માનવીનો અસંતોષ પણ ત્યાંનો ત્યાં જ રહે છે, બલ્કે વધી જાય છે. પરિણામે ક્યું ન મળવા છતાં તેને માણી શકતી નથી. કારણ, વાર મળે છે. ત્યારે એટલો થાકી ગયો હોય છે કે મેળવેલ વસ્તુ તેનું મહત્ત્વ ગુમાવી દે છે અને વળી કરી બધુ, ફરી વધુ મેળવવા નવી દોડ ‘તાલ થી શરુ’’ કરી દે છે. અંતે લક્ષ્યહીન થઈ દોડ્યા કરે છે. જો તે સમજ સુખ નાં સાધનો માટેની ઈચ્છાપૂર્તિ અમર્યાદિત છે, તેનો એ અંત નથી તો અશાંતિની ગર્તામાં ધકેલાઈ જતો બચી શકે પણ આ સત્ય ખુલી ગયેલો માનવી ભોગ પાછળ વાગે છે. ક્યારેક તેનું ગંતવ્ય-સાથ યોગ્ય હોય છે,પણ સન અયોગ્ય હોય છે.મહાત્મા ગાંધીજી કહેતા કે, સાધ્ય અને સાધન એકબીજા નાં પૂરક બને તો જીવનમાં સુખ અને શાંતિ વ્યાપક બને. તેથી સાધ્ય માટે સાધનનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો જોઈએ.’ આ વિવેક ચૂકી જતાં મનનું સ્વાસ્થ્ય જોખમમાં મૂકાય છે, પરિણામે તન, મન અને ધન ત્રણેનું સુખ ગુમાવી દે છે. જે મેળવી શકે નહીં તે માણી શકે ક્યાંથી ? ફરી અશાંત બની રોદણાં રડે કે નિષ્ફળ અને નિરાશ થઈ તણાવગ્રસ્ત થઈ જાય છે. ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે પણ કહ્યું છે કે, અશાંત માણસને કદાપી સુખ મળતું નથી.અણીના સમયે અશાંત મન બુદ્ધિનું પ્રેરક બને છે. કુબુદ્ધિ કુકર્મનું પ્રેરકબળ છે. આ પરિસ્થિતિમાં સુખ કે શાંતિને અવકાશ જ ક્યાંથી હોય ? માણસ શ્રદ્ધાવિહોણો થઈ ગયો છે. આત્મવિશ્વાસ ખોઈ ચૂક્યો છે.આ પરિસ્થિતિમાં શાંતિ ની ઝંખના ઈચ્છે ત્યારે તે ક્યાં તો આત્મ વંચના અથવા આત્મમહિન તામાં સરી પડે છે. આમાંથી બહાર નીકળવા અનેક ઉપાયો અજમાવે છે પણ ક્યાંક ને ક્યાંક તેને પોતાની અધિરાઈ,ભૌતિક સુખની લાલસા, મનમાં પેદા થયેલો ‘અહમ્’,‘હું સર્વ શ્રેષ્ઠ’ની માન્યતા તેને ઝંપવા દેતી નથી. ધીમે ધીમે તે એક પરિમાણ માં કેદ થતો જાય છે, સમાજ, સ્વજનથી વિખૂટો પડી જાય છે. સંવેદનો અને સંવાદ, સૌહાદભાવ ગુમાવી ચૂકેલા.આધુનિક માનવીના જીવનમાંથી સહનશીલતા, સહિષ્ણુતાની બાદબાકી થઈ ગઈ છે. ‘સમય નથી’, ‘સુખ-શાંતિ નથી,’ની બૂમો સંભળાય ત્યારે થાય કે આ નિરાશાવાદ શા માટે ? આધુનિક માનવી પાસે આટલું બધું છે, સમૃદ્ધ જીવન છે, વિશદ્ વ્યાપ છે. સુખ-સગવડનાં સાધનો છે. માહિતીનો ઢગલો છે છતાં પણ તેનો વિવેકપૂર્ણ ઉપયોગ નથી. રિફાઈના માહોલમાં માણસ માણસને એક ક્ષણમાં ક્યાંક ખૂણામાં ધકેલી દે છે. માણસ માણસુડો નથી રહ્યો. મારા માતૃશ્રી કહેતાં કે, ‘ગોળમાંથી ગળપણ ગયું, સગામાંથી હેત ગયું, માણસમાંથી માણસપણું ગયું.’ મતલબ આજના માણસે માનવ ગૌરવ, જાત પ્રત્યેની શ્રદ્ધા બીજાની સાથે વફાદારી અને કામ પ્રત્યેની ફરજનિષ્ઠા સદંતર ગુમાવી દીધી છે. આવો સમાજ નિર્માલ્ય-ગૌરવહીન થઈ જાય છે. પરિણામે માનવી પોતાને સતત અધૂરો, ઉણપવાળો સમજવા લાગે છે.લોભ,મોહ અને લાલચમાં લપેટાઈને સુખની આભાસી એવી મેરેથોન - દોડમાં, અનંત દોડમાં જોડાઈ જાય છે.

કર્મણયે વાધિકારસ્તે મા ફલેશુ આ કદાચનભાવના મૂલ્યહીન થઈ જાય છે. માત્ર અને માત્ર ફળ પ્રાપ્તિની લાલચે સ્વાર્થની ભુલભુલાણીના અટવાઈ ગયો છે. એમાંથી બહાર કેમ નીકળવું તે સમજાતું નથી. તો પછી કરવું શું ? અહીં એટલું સ્વીકારવું રહ્યું કે ક્યાંક તો અટકવું પડશે. ક્યાંક દોડ થંભાવી દઈને પોતાના મનમાં ડોકિયું કરીને જોવું પડશે.તો જીવનમાં સંતુલન સ્થપાશે, મનનું સંતુલન સ્થિરતા લાવશે કારણ કે, ‘ મનને ગમે તે સુખ...ન ગમે તે દુઃખ પરંતુ મનને જો યોગ્ય રીતે કેળવીએ તો હર ક્ષણ સુખ જ સુખ છે. સંસારનો ત્યાગ કરનાર પણ એનકેન પ્રકારે મોહમાયામાં ફસાઈ વિચલિત અશાંત રહે છે એટલે માનવી પોતાની વ્યક્તિગત રીતે મોહમાયાની ખોટી લાલસાનો ત્યાગ કરે તો જ તેની પાસે જે છે તે સુખ શાંતિ આપે એટલે જ કહયું છે કે સંતોષી નર સદા સુખી..

# સંબંધો ઉપર ક્યાંક સોશ્યલ મીડિયા હાવી તો નથી થઈ રહ્યું ને?

સોશ્યલ મીડિયાનો ઉપયોગ માણસજાત માટે વરદાન છે કે અભિશાપ? લગભગ સ્કૂલ-કોલેજીસમાં ડિબેટ કરી શકાય એવો આ મુદ્દો છે. સોશ્યલ મીડિયા એક એવું પ્લેટફોર્મ છે જેનાથી વ્યક્તિ દેશ દુનિયા સાથે સરળતાથી કનેક્ટ થઈ શકે છે. અત્યારે શું ચાલી રહ્યું છે, કોણ કોને શું કહી રહ્યું છે, કોણ કેવી પ્રતિક્રિયા આપી રહ્યું છે, કેવો ટ્રેન્ડ ચાલી રહ્યો છે, શું નવીન બની રહ્યું છે, રાજકારણ, ક્રિકેટ, ફિલ્મો વગેરેમાં શું રંધાઈ રહ્યું છે એ તમામ બાબતો સોશ્યલ મીડિયા થકી ઘરેબેઠા જ આંગળીના વેઢે આપણી સામે ઉપલબ્ધ છે. પણ જો એનો ઉપયોગ કરવાના બદલે દુરુપયોગ થવા લાગે તો વરદાનને અભિશાપ બનતાં જરાય વાર નથી લાગતી. ટ્વિટરના સીઈઓ એલોન મસ્કએ હમણાં જ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો. તેઓએ ટ્વિટ કરીને જણાવ્યું કે વેરીફાય થયેલાં એકાઉન્ટ્સ રોજની ૬,૦૦૦ પોસ્ટ જોઈ શકશે. અનવેરીફાય એકાઉન્ટ્સ રોજની ૬૦૦ પોસ્ટ જોઈ શકશે અને નવા અનવેરીફાય એકાઉન્ટ્સ રોજની ૩૦૦ પોસ્ટ જોઈ શકશે. આ વ્યુ લિમિટ સેટ કરવા પાછળનું કારણ જણાવતાં તેઓએ કહ્યું કે આપણે બધા ટ્વિટર એડીક્ટેડ છીએ. એટલે આપણે એમાંથી બહાર નીકળી બહારની દુનિયામાં જવાની જરૂર છે. પરિવાર અને મિત્રો સાથે સમય પસાર કરવા માટે ફોનથી દૂર જવાની વાત તેઓએ કરી. આ નિર્ણય તેમને આર્થિક રીતે અઢળક નુકસાન કરાવી શકે એમ હોવા છતાં ટ્વિટરના અનહદ



વળગણના લીધે લોકો પોતાના નજીકના સંબંધોને સમય આપતાં ન હોય, સમગ્ર માણસજાતના સંબંધોને નિખારવા માટેનો હતો. એની સામે ઝુકરબર્ગે થ્રેડ્સ નામનું અન્ય એક સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ લોન્ચ કર્યું જેમાં માત્ર બે જ કલાકમાં ૨૫ મિલિયન એકાઉન્ટ્સ બની ગયાં. આ બન્ને ઘટના વચ્ચે કદાચ બેથી ત્રણ દિવસનો ગેપ હતો. જેમાં એક વ્યક્તિ પોતાના આર્થિક નુકસાનના ભોગે માણસજાતની માનસિક તેમ જ સોશ્યલ હેલ્થ વિચારી રહી છે, જ્યારે બીજી વ્યક્તિ ફરી અન્ય એપ્લિકેશન દ્વારા લોકોને એના એડીક્ટેડ બનાવી આર્થિક લાભ મેળવવા જઈ રહી છે.

સેલ્યુટ કરવાનું મન થઈ આવે એલોન મસ્કને કે જેઓ આ કક્ષાએ પહોંચ્યા પછી પણ નફાને અવગણીને વ્યુ લિમિટ સેટ કરી, પરંતુ મહત્ત્વની વાત એ છે કે સોશ્યલ મીડિયાની આદત ધરાવનાર વ્યક્તિ શું એમના નિર્ણય પાછળ રહેલ ગર્ભિત અર્થને સમજી શકશે? અન્ય વ્યસનોની તુલનાએ આ પ્રકારના વ્યસનની થતી અસરો તરફ આપણે જોઈએ એટલા સજાગ નથી બન્યાં. એના ઘણાંય સારા પાસા છે જ. લોકો નવા મિત્રો બનાવે છે અને પછી રૂબરૂ મુલાકાત પણ કરે છે.

મેળાવડાઓ કે સ્નેહમિલન યોજી એકબીજાના સંપર્કમાં રહે છે. એકબીજાને જરૂરિયાતના સમયે મદદરૂપ બને છે. આ સંબંધ માત્ર જે તે વ્યક્તિ પૂરતો સીમિત ન રહેતાં પારિવારિક સંબંધમાં એ પરિણમે છે. વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોનું જ્ઞાન મળી રહે છે. હ્યુમર પણ એટલું જ પીરસાય છે. આ સોશ્યલ મીડિયાની ઉજળી બાજુ છે, પરંતુ એની સાથોસાથ બીજી બાજુને ઈગ્નોર ન કરી શકાય. વર્ચ્યુઅલ રિલેશન્સ નિભાવવા જતાં, રીએક્ટ અને કોમેન્ટ્સના વ્યવહારો સાચવવા જતાં ક્યાંક આપણે આપણા પરિવારના સદસ્યોને તો અન્યાય નથી કરી રહ્યાં ને? આ અંગે વિચારવું રહ્યું. અરે પરિવાર અને મિત્રો પણ પછી, આપણી જાતને એ કચકડામાં કેદ કરીને કુદરતના ખોળાથી વંચિત નથી રાખી રહ્યાં ને? આ સૌથી વધુ મહત્ત્વનું છે. દુનિયાને મુઠ્ઠીમાં કેદ કરીને ભરાતી ઉડાન કદાચ આપણને આપણા લોકોથી જ દૂર કરી રહી છે. સમજી શકાય કે સોશ્યલ મીડિયા હવે આપણી લાઈફનો અહેમ હિસ્સો છે. તો એનાથી મળતો આનંદ, એનાથી મળતું જ્ઞાન એ આપણા સ્પાઉસ, સંતાનો, મિત્રોથી વિશેષ છે.

# કોકમ ખાવાના આટલા ફાયદા તમે ક્યારેય જોયા નહીં હોય



ભારતમાં વિવિધ જાતના ફળ જોવા મળે છે. અમુક જાણીતા છે, તો અમુક અજાણ્યા છે. આવું જ એક ફળ છે કોકમ. કોકમને ઔષધીય ફળ માનવામાં આવે છે. જે દેખાવે સફરજન જેવું હોય છે. આ ફળને કેટલાય વર્ષોથી ઔષધીય અને મસાલા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. આ લેખમાં અમે અહીં આપને વિસ્તારથી તેના વિશે જાણકારી આપવા જઈ રહ્યા છીએ. અહીં અમે કોકમ ખાવાના ફાયદાની સાથે સાથે કોકમ ખાવાથી થતાં નુકસાન વિશે વિસ્તારથી વાત કરીશું. કોકમ શું છે- કોકમને ઔષધીય ફળ માનવામાં આવે છે. તેનું વૈજ્ઞાનિક નામ ગાર્સિનિયા ઈંડિકા છે. તે ગોવા અને ગુજરાતમાં જોવા મળે છે. તેને વર્ષોથી ઔષધીય અને મસાલા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. તેના સેવનથી શરીરમાં ઠંડક મળવાની સાથે સાથે તમામ પ્રકારની શારીરિક સમસ્યાઓ માટે ફાયદાકારક માનવામાં આવે છે. કોકમ ફક્ત સ્વસ્થ રહેવામાં જ મદદ નથી કરતું પણ વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓને બહાર આવવામાં પણ મદદ કરી શકે છે. જેના વિશે અમે અહીં આપને બતાવવા જઈ રહ્યા છીએ, જો કોઈ ગંભીર રીતે બીમાર છએ, તો તેને આ ફળનું સેવન કરવાની સાથે સાથે ડોક્ટર પાસેથી ચેકઅપ પણ કરાવવું જોઈએ. ડાયરિયાની સ્થિતિમાં કોકમના ફળ ઘણા બધાં અંશે રાહત આપશે. હકીકતમાં કોકમ ફળમાં એન્ટી ડાયરિયા ગુણ હોય છે, જેના કારણે તેના સેવનથી ડાયરિયાના ઉપચારમાં મદદ મળશે. આ સ્થિતિમાં કોકમનું ફળનો જ્યૂસ ડાયરિયાથી ગ્રસિત વ્યક્તિને પીવડાવી શકાય છે. એન્ટી ફંગલ અને એન્ટી ઓક્સીડેન્ટ તરીકે કોકમ ફળનું સેવન કરી શકાય છે. ઉંદર પર કરવામાં આવેલા એક અધ્યયનમાં જાણવા મળ્યું છે કે, કોકમ ફળમાં રહેલા એન્ટી ફંગલ ગુણની મદદથી અલ્સરના પ્રભાવને ઘટાડી શકાય છે. તો વળી કોકમ ફળને એન્ટી ઓક્સીડન્ટ તરીકે ઉપયોગ કરી શકાય છે. હકીકતમાં જોઈએ તો, કોકમમાં એંથોસાયનિન્સ નામનુ ફાઈટોન્યૂટ્રિએંટ્સ મળે છે.

# નોનવેજને પણ ટક્કર મારશે આ શાકભાજી



સ્વાસ્થ્યને વ્યવસ્થિત રાખવા માટે હેલ્દી લાઈફસ્ટાઈલ જરુરી છે. એટલા માટે આપણે રોજીંદા જીવનમાં અમુક એવી આદતો સામેલ કરવી જોઈએ, જેનાથી હાડકાને મજબૂતી મળે અને શારીરિક વિકાસ પણ થઈ શકે. આપને જણાવી દઈએ કે, અનહેલ્દી ખાનપાનના કારણે કેટલીય બીમારીઓ ફેલાઈ રહી છે અને ઈમ્યૂન સિસ્ટમ પણ નબળી થઈ રહી છે. તેના માટે જરુરી છે કે, આપણા એવા ફુડ્સનું સેવન કરવું જોઈએ, જેનાથી શરીરને ભરપૂર માત્રામાં વિટામિન્સ મળી શકે. જો કે, ઈંડા-મટનના સેવન કરનારા લોકો તો તેની ભરપાઈ કરી લેતા હોય છે, પણ શાકાહારી લોકો માટે મુશ્કેલી થાય છે. પણ શું આપ જાણો છો કે અમુક શાકાહારી ફુડ્સમાંથી પણ તેની કમી પુરી શકાય છે. આવો ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ કન્નોજના ડાયટિશિયન અને ડાયાબિટીસ એજ્યુકેટર રોહિત યાદવ પાસેથી જાણીએ કે કેવી રીતે હાડકાને સ્ટ્રોન્ગ બનાવી શકીએ. રાગી-રાગી કેલ્શિયમનો સારો એવો સ્ત્રોત માનવામાં આવે છે. રાગીથી તૈયાર ફુડ્સના સેવન કરવાથી હાડકાને મજબૂતી મળે છે. તે બાળકો માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તેનું સેવન કરવાથી બોન બેલ્થ મેન્ટેઈન રહે છે. આપને જણાવી દઈએ કે, રાગીમાં વિટામિન ડીની વધારે માત્રા મળી છે. તેના માટે આ બંને બોન ડેંસિટીને વધારી દે છે. પાલક- આ લીલા શાકભાજી હાડકા માટે સૌથી મુખ્ય તત્વ કેલ્શિયમ હોય છે. પાલકમાં તેની માત્રા વધારે હોય છે. બોન્સને મજબૂત કરવા માટે પાલકનું સેવન કરી શકાય છે. પાલકના સેવનથી હાડકાને કેલ્શિયલની રોજની જરુરિયાત લગભગ ૨૫ ટકા કેલ્શિયલ મળી જાય છે. ફાઈબરમાં ઉચ્ચ પાનમાં આયરન અને વિટામિન એ પણ વધારે હોય છે.

# ટાઇટ જીન્સ પહેરવાનો શોખ છે? જાણીલો આ ગંભીર નુકસાન વિશે

ટાઈટ જીન્સ પહેરવાનો શોખ તમને ભારે પડી શકે છે. ટાઈટ જીન્સ તમને એક ફેશન લાગે છે, પરંતુ આ તમને અનેક ગંભીર બીમારીઓની ઝપેટમાં લઈ લે છે. આ માટે ટાઈટ જીન્સ પહેરવાની આદત દરેક લોકોએ છોડવી જોઈએ. અનેક છોકરીઓ તેમજ છોકરાઓને ટાઈટ જીન્સ પહેરવાનો શોખ હોય છે. ટાઈટ જીન્સ તમને અનેક પ્રકારની મુશ્કેલીમાં મુકી શકે છે. ટાઈટ જીન્સ તમને પણ પહેરવાનો શોખ છે તો હવેથી આ આદતને સુધારી દેજો. ટાઈટ જીન્સ તમને અનેક પ્રકારની બીમારીઓમાં ઘેરી શકે છે. આમ વાત કરવામાં આવે તો ઘણાં લોકો એટલા ટાઈટ જીન્સ પહેરતા હોય છે જેના કારણે ચાલવાથી



લઈને બેસવામાં અનેક ઘણી તકલીફો પડતી હોય છે. તો જાણો તમે પણ ટાઈટ જીન્સ પહેરવાથી હેલ્થને શું નુકસાન થાય છે. તમને ટાઈટ જીન્સ પહેરવાનો શોખ છે તો સમજી લો ગમે ત્યારે તમને કમરનો દુખાવો થઈ શકે છે. કમરનો દુખાવો થવા પાછળનું એક કારણે તમારું જીન્સ પણ હોઈ શકે છે. ટાઈટ જીન્સ પહેરવાથી બેસવામાં અને ચાલવામાં તકલીફ પડે છે જેના કારણે કમરમાં લોડ વધારે આવે છે. આ કમરના લોડને કારણે ધીરે-ધીરે બેક પેઈનની સમસ્યા શરૂ થઈ જાય છે.

ટાઈટ જીન્સ પહેરવાથી સ્કિન રેશિસ થવાની સમસ્યા વધી જાય છે. આ જીન્સ પહેરવાને કારણે પરસેવો વધારે થાય છે. આ પરસેવો અંદરને અંદર રહેવાને કારણે સ્કિન પર બળતરા તેમજ રેશિસની થવા લાગે છે. આ સાથે ખંજવાળ પણ આવે છે. આ માટે ટાઈટ જીન્સ પહેરવાનું આદત પાડો. રેડનેસની સમસ્યા પણ થઈ શકે છે. લાંબા સમય સુધી ટાઈટ જીન્સ પહેરવાથી તમારા ઈન્ટિમેટ એરિયાનો ફ્લો સ્ટોપ થઈ જાય છે. ગરમીમાં તમે જ્યારે ટાઈટ જીન્સ પહેરો છો ત્યારે પરસેવો વધારે થાય છે જેનાથી યોનીમાં બેક્ટેરિયા અને ફંગસ થવાનું જોખમ વધી જાય છે.

ટાઈટ જીન્સ પહેરવાને કારણે બ્લડ સર્ક્યુલેશન પ્રોપર રીતે થતુ નથી. આ વાત તમને સામાન્ય લાગતી હશે, પરંતુ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આ જીન્સથી તમને સોજા અને દુખાવાની ફરિયાદ પણ વધારે રહે છે. આ તકલીફને કારણે તમે બીજી અનેક ગંભીર સ્થિતિમાં મુકાઈ શકો છો.

BOLLYWOOD NEWS FLASH

## પલકની સુંદરતા પણ શ્વેતાની સરખામણીમાં ઓછી છે, શ્વેતાનું લેટેસ્ટ ફોટોશૂટ ફરી એકવાર આ વાતને સાચી સાબિત કરી રહ્યું છે



# ૪૨ વર્ષે સાડીમાં શ્વેતા તિવારીનો હોટ અંદાજ

। મુંબઈ, તા.૧૧ ।

નાના પડદાનો લોકપ્રિય શો 'કસૌટી જિંદગી કી' અભિનેત્રી શ્વેતા તિવારી અવારનવાર ચર્ચામાં રહે છે. તે પોતાના કામના કારણે ચર્ચામાં રહેતી હોય છે. ૪૨ વર્ષની ઉંમરે શ્વેતાની સુંદરતા ચાહકોને દંગ કરે છે. અભિનેત્રી ઘણીવાર બોલ્ડ અને હોટનેસથી ભરપૂર ફોટોશૂટ કરાવે છે, જેને જોઈને ફેન્સ ફરી એકવાર તેના વખાણ કરતા રોકી શકતા નથી. અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ શાનદાર અંદાજમાં તસવીરો શેર કરી છે. તેમાં એક્ટ્રેસો હોટ અંદાજ જોવા મળ્યો છે. અભિનેત્રીના ચાહકો તેના આ બોલ્ડ અને હોટ અંદાજને ખૂબ જ લાઈક કરી રહ્યા છે. શ્વાતા તિવારીની આ તસવીરો પર ચાહકોએ કોમેન્ટનો વરસાદ કર્યો છે. શ્વેતા તિવારીએ ૪૨ વર્ષની ઉંમરે જે રીતે પોતાની જાતને ફિટ રાખી છે તે ખરેખર પ્રશંસનીય છે. તે સોશિયલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય છે. તેના ફોટોશૂટ દરરોજ યુઝર્સના દિલની ધડકન વધારે છે. ઘણા ચાહકો તો એવું પણ માને છે કે શ્વેતા તેની દીકરી પલક તિવારીને ટક્કર આપે છે. પલકની સુંદરતા પણ શ્વેતાની સરખામણીમાં ઓછી છે. શ્વેતાનું લેટેસ્ટ ફોટોશૂટ ફરી એકવાર આ વાતને સાચી સાબિત કરી રહ્યું છે. બોલીવૂડ અભિનેત્રી શ્વેતા તિવારીએ સાડીમાં કરેલું ફોટોશૂટ ચર્ચામાં રહે છે. સામાન્ય અને સાદા લીલા કલરના બ્લાઉઝ અને તેના પર પીળા કલરનો પલ્લુ, અભિનેત્રીની સાદગી અને સુંદર ચહેરામાં સુંદરતા ઉમેરે છે. અભિનેત્રીએ આ લુકને સિલ્વર ઈયરિંગ્સ, એક નાનો બ્લેક ડોટ અને લાઈટ પિંક કલરની લિપ સ્ટિક તેમજ ન્યૂડ મેકઅપ સાથે કમ્પ્લીટ કર્યો છે.

# નવો ડોન બનીને સાતમા આસમાને છે રણવીર સિંહ

। મુંબઈ, તા.૧૧ ।

ડોન ફિલ્મની ફ્રેન્ચાઈઝીમાંથી શાહરૂખ ખાન આઉટ થયો છે અને રણવીર સિંહની એન્ટ્રી થઈ છે. બુધવારે જ ફરહાન અખ્તરે જાહેરાત કરી હતી કે, રણવીર સિંહ નવો ડોન બનશે. 'ડોન ૩'માં રણવીર સિંહ લીડ રોલ કરવાનો હોવાનું જાણીને લોકોએ મિશ્ર પ્રતિક્રિયા આપી હતી. સોશિયલ મીડિયા પર અમુક લોકોએ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો તો અસંખ્ય લોકોએ ટિપ્પણી કરીને કહ્યું હતું કે, રણવીર સિંહ ડોન તરીકે જામતો નથી. આ તરફ રણવીર સિંહ તો પોતાની જ દુનિયામાં મસ્ત છે. તેણે પોતાના બાળપણની તસવીરો શેર કરતાં



આ ફિલ્મને બાળપણનું સપનું સાકાર થવા સમાન ગણાવી છે. તેણે લખ્યું, હું ખૂબ લાંબા સમયથી આ પાત્ર ભજવવાનું સપનું સેવીને બેઠો હતો. બાળપણમાં હું ફિલ્મોના પ્રેમમાં પડ્યો ત્યારે તમારા સૌની જેમ હું પણ હિન્દી સિનેમાના બે ર્.છ. અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાનના પ્રેમમાં હતો. મેં મોટા થઈને તેમના જેવા બનવાનું સપનું જોયું હતું. મારે હિન્દી ફિલ્મોના હીરો બનવું હતું તેનું કારણ જ આ બંને છે. આ બંનેનો મારા જીવન પર જે પ્રભાવ છે તેને વર્ણવવો મુશ્કેલ છે. મારા વ્યક્તિત્વ અને અભિનયને તેમણે આકાર આપ્યો છે. તેમની લેગસીને આગળ લઈ જતાં હું મારું બાળપણનું સપનું સાકાર કરી રહ્યો છું. ડોનનો ભાગ હોવું જવાબદારીભર્યું છે એ હું સમજું છું. મને આશા છે કે, લોકો મને એક તક આપશે અને મેં અગાઉ ભજવેલા પાત્રોને જે પ્રેમ આપ્યો છે તેવો પ્રેમ આ વખતે પણ આપ શે. ફરહાન અને રિતેશ મારા પર ભરોસો કરવા માટે આભાર. તમારા વિશ્વાસ પર હું ખરો ઊતરી શકું તેવી આશા છે. બિગ બી અને શાહરૂખ ખાન તમને ગર્વ અપાવી શકું તેવી આશા છે. મારા વહાલા દર્શકો હંમેશાની જેમ તમને વચન આપું છું કે ડોન બનીને હું તમને મનોરંજન પૂરું પાડવા મારું શ્રેષ્ઠ આપીશ. તમારા પ્રેમ માટે આભાર'', તેમ નોટના અંતે રણવીર સિંહે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, 'ડોન ૩'નું ડાયરેક્શન ફરહાન અખ્તર કરશે. આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૪માં શરૂ થશે.

# બ્રહ્માનંદમ સાઉથ કોમેડિયન સ્ટારના નામે છે વર્લ્ડ રેકોર્ડ

। મુંબઈ, તા.૧૧ ।

હાલમાં અમે અહીં આપને સાઉથ સિનેમાના એક દિગ્ગજ હીરો વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જેના નામે સૌથી વધારે ફિલ્મો બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયેલો છે. તેમનો રેકોર્ડ હજુ સુધી કોઈ તોડી શક્યું નથી. જી હાં...તમે બરાબર વાંચ્યું! હકીકતમાં જોઈએ તો, અમે અહીં સાઉથ સિનેમાના સીનિયર એક્ટર બ્રહ્માનંદમ વિશે વાત કરી રહ્યા છીએ, જેને તમે સાઉથની લગભગ દરેક ફિલ્મોમાં જોયા હશે. આપણે એવું પણ કહી શકીએ કે, બ્રહ્માનંદમ વિના ટોલીવૂડની કોઈ ફિલ્મ બનતી નથી. બ્રહ્માનંદમનો જન્મ ૧ ફેબ્રુઆરી ૧૯૫૬ના રોજ આંધ્ર પ્રદેશના સત્તેનપલ્લીના ચાગંતી વારી પાલેમ ગામમાં થયો હતો. બ્રહ્માનંદમે પોતાના ૩૫ વર્ષથી વધારે કરિયરમાં ૬ રાજ્ય નંદી પુરસ્કાર, એક ફિલ્મફેર પુરસ્કાર દક્ષિણ અને છ સિનેમા પુરસ્કાર પ્રાપ્ત કર્યા છે. તેમના માતા-પિતા નાગલિંગાચારી અને લક્ષ્મી નરસમ્મા છે. તેમના પિતા એક કારપેન્ટર હતા અને



બ્રહ્માનંદમ આઠ બાળકોમાંથી એક હતા. તેમણે પોતાનું માસ્ટર ઓફ આર્ટ્સની ડિગ્રી પુરી કરી અને પશ્ચિમ ગોદાવરી જિલ્લાના અત્તિલીમાં તેલુગુ વ્યાખ્યાતા તરીકે જોડાઈ ગયા. તેઓ એક ભારતીય અભિનેતા, કોમેડિયન અને એક વોયસ આર્ટિસ્ટ છે, જે મુખ્ય રીતે તેલુગુ સિનેમામાં પોતાના કામ માટે વખણાય છે. તેઓ ખાસ કરીને પોતાના હાસ્ય પ્રદર્શન એટલે કે કોમેડી માટે ઓળખાય છે. બ્રહ્માનંદમનું નામ અત્યાર સુધીમાં ૧૦૦૦થી વધારે ફિલ્મોમાં અભિનય કરનારા જીવિત અભિનેતા તરીકે સૌથી વધારે સ્ક્રીન ક્રેડિટનો ગિનીઝ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયેલ છે.

# અનુપમા શો સાથે એક વર્ષ ક્યારે પૂરું થયું તેની ખબર જ ન પડી : સાગર પારેખ

। મુંબઈ, તા.૧૧ ।

રાજન શાહીના ડિરેક્શનમાં બનેલી સીરિયલ અનુપ મા ટીવી સ્ક્રીન પર ડંકો વગાડી રહી છે. તે ધીમે-ધીમે સફળતાના સોપાન સર કરી રહી છે. રૂપ ાલી ગાંગુલી, ગૌરવ ખન્ના, સુધાંશુ પાંડે, મદાલસા શર્મા, મુસ્કાન બામને, આશિષ મેહરોત્રા, અરવિંદ વૈદ્ય, અલ્પના બુચ, નિધિ શાહ, એકતા સરૈયા, મેહુલ નિસાર તેમજ સવિતા પ્રભુણે જેવા કલાકારો ઘર-ઘરમાં જાણીતા ચહેરા બની ગયા છે. હાલમાં શોના ૧ હજાર એપિસોડ પૂરા થયા છે. આ પ્રસંગે સેટ પર સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું અને હવનનું આયોજન પણ કરાયું હતું. શોના તમામ કલાકારોએ સોશિયલ



મીડિયા પર તેની તસવીરો શેર કરીને સફળતા વિશે વાત કરી હતી. પારસ કલનાવતને રિપ્લેસ કરતાં સમરના રોલમાં એન્ટ્રી લેનાર સાગર પારેખને પણ એક વર્ષ થઈ ગયું છે. એક્ટરે હાલમાં ઈન્ટરવ્યૂમાં તેની જર્ની તેમજ શરૂઆતના દિવસો સહિતના મુદ્દા પર વાત કરી હતી. સમરનો રોલ ભજવી રહ્યો છું તેને એક વર્ષ થઈ ગયું ખબર જ ન પડી. સમય ઝડપથી પસાર થઈ ગયો અને શોમાં એક વર્ષ ક્યાં ખતમ થયું ખબર જ ન પડી. હાલમાં જ મેં મારા કો-એક્ટર્સ સાથે આ વિશે વાત કરી હતી. મેં મારું બધું જ આપી દીધું હતું. મેં બધાને કહ્યું હતું કે શરૂઆતના દિવસોમાં તો મને ઊંઘ જ નહોતી આવતી. મેં ક્યારેય કોઈને રિપ્લેસ નથી કર્યો અને આ મારું આ પ્રકારનું પહેલું પાત્ર હતું, તે પણ નંબર ૧ શોમાં.

## જનીકાંતની આ ફિલ્મ ૧૦ ઓગસ્ટે તમિલ અને તેલુગુ ભાષામાં દુનિયાભરના થિયેટરોમાં રિલીઝ થઈ છે

# ફેન્સ ફિલ્મ જેલરને જોવા જાપાનથી ચેન્નાઈ આવ્યા

। મુંબઈ, તા.૧૧ ।

સાઉથના સુપરસ્ટાર રજનીકાંતને તેમના ફેન્સ ભગવાનની જેમ પૂજે છે. ફક્ત દેશમાં જ નહીં દુનિયાભરમાં તેમની તગડી ફેન ફોલોઈંગ છે. આજકાલ તેઓ ફિલ્મ જેલરને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મ ૧૦ ઓગસ્ટે તેલુગુ અને તમિલ ભાષામાં દુનિયાભરના થિયેટરોમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મનો ક્રેઝ ફેન્સમાં ઘણો જોવા મળી રહ્યો છે. ભારત જ નહીં જાપાનમાં પણ રજનીકાંતના ફેન્સ છે. જાપાનથી એક કપલ ચેન્નાઈ આવ્યું છે અને એ પણ ફક્ત રજનીકાંતની ફિલ્મ 'જેલર'ને જોવા માટે. જેલરનો ક્રેઝ જાપાની દર્શકોમાં



પણ જોવા મળી રહ્યો છે. જાપાનથી એક કપલ ભારત આવ્યું છે. તેઓ તમિલનાડુ પહોંચ્યા છે જેથી થલાઈવાની ફિલ્મનો આનંદ ઉઠાવી શકે. સોશિયલ મીડિયા પર આ જાપાની કપલનો વિડીયો વાયરલ થયો છે. જેમાં તેઓ રજનીકાંત પ્રત્યનો પોતાનો પ્રેમ વ્યક્ત કરી રહ્યા છે. વાયરલ વિડીયોમાં જાપાનથી આવેલા રૂર્ટજેર્દ્ધટ ઉૈંર્ઙ્ઘીજરૈ કહે છે તેઓ 'જેલર' જોવા માટે ભારત આવ્યા છે. હાલ તેઓ ચેન્નાઈમાં છે. તેમણે જણાવ્યું કે, તેઓ છેલ્લા ૨૦ વર્ષથી રજનીકાંતના ફેન છે. આ વિડીયોને રજનીકાંતના ફેનપેજ પર શેર કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે, અગાઉ આ ફેન રજનીકાંતની ફિલ્મ 'દરબાર' જોવા પણ ચેન્નાઈ આવ્યો હતો. જેલરમાં રજનીકાંત ઉપરાંત તમન્ના ભાટિયા, શિવ રાજકુમાર, રમ્યા કૃષ્ણન, તમન્ના ભાટિયા, યોગી બાબુથી લઈને વસંત રવિ જેવા કલાકારો છે.

# ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના જીતપુરા ગામે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કાર્યક્રમો યોજાયા

। રાજુભાઈ નડિયાદ તા.૧૧ ।

કપડવંજ તાલુકાના ધોળાકુવા તાબે જીતપુરા ગામે અમૃત સરોવર ખાતે તેમજ જીતપુરા પ્રાથમિક શાળા ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અભિયાન અંતર્ગત "મેરી મિટ્ટી મેરા દેશ" "વીરો કો વંદન" અંતર્ગત વીર શહીદોની યાદમાં શિલા ફલક અનાવરણ, માટીના દિવડા પ્રજ્વલિત કરી હાથમાં રાખી પંચપ્રણ પ્રતિજ્ઞા, ધ્વજ વંદન, મહેમાનોના વરદ હસ્તે વૃક્ષારોપણ, રાષ્ટ્ર ગાન, પ્રભાત ફેરી સહિતના વિવિધ કાર્યક્રમો યોજી આઝાદીના અમૃત મહોત્સવની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કપડવંજ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખશ્રી મૂળરાજસિંહ સોલંકી, ખેડા જિલ્લા બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ



શર્મા (આતરસુંબા), સરપંચશ્રી રણજીતસિંહ ઝાલા, તલાટી કમ મંત્રીશ્રી બાબુસિંહ, ઉપ સરપંચ શ્રી માનસિંહ ઝાલા, ગ્રામ પંચાયતના સર્વે સદસ્યશ્રીઓ, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી તથા શિક્ષણ ગણ, ગામ આગેવાનો અને વ્હાલા બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ તાલુકાના ગરાડુ શાળામાં આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી



। ઝાલોદ, તા.૧૧ ।

તારીખ ૮-૮-૨૦૨૩ ના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી ગરાડુ ગામના તળાવ ફળિયા ખાતે સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં કરવામાં આવી. શાળાના દરેક બાળકોએ વિવિધ વેશભૂષામાં ઉમંગભેર ભાગ લઈ પ્રોગ્રામની શોભા વધારી હતી. શાળાના આચાર્ય દિનેશ મછાર દ્વારા આદિવાસી દિવસની ઉજવણીને લઈ બાળકોને સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ શાળાના સ્ટાફગણ દ્વારા આ કાર્યક્રમમાં ઉમંગભેર ભાગ લઈ કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતા. શાળાના બાળકોએ સંગીતના તાલે ગરબા તેમજ નૃત્યમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના તમામ શિક્ષકો તેમજ smdc અધ્યક્ષ ઉપસ્થિત રહી આ પ્રોગ્રામને સફળ બનાવેલ હતો.

# લીટલ માસ્ટર ઇંગ્લીશ મીડીયમ સ્કુલ લીમડીમાં આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી





। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૧ ।

લીટલ માસ્ટર ઈંગ્લીશ મીડીયમ સ્કુલ લીમડીમાં આદિવાસી દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના બાળકો આદિવાસી પહેરવેશમાં આવ્યા હતા. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં શાળાના મેનેજિંગ ડાયરેક્ટર અમિત દેવડા તેમજ શાળાના આચાર્યા મિતલ એન. શર્માનાં માર્ગદર્શન દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આદિવાસીઓની રહેણીકરણી, ખાનપાનની આદતો, રિવાજો, પહેરવેશ ઐતિહાસીક વારસો ધરાવે છે. આદિવાસી સમુદાયના લોકો વિશ્વના ૯૦થી વધુ દેશોમાં રહે છે. વિશ્વમાં લગભગ ૫૦૦૦ વિવિધ આદિવાસી સમુદાય છે અને લગભગ ૭ હજાર ભાષાઓ છે. આદિવાસીનાં ઉજ્જવળ ભવિષ્યના બીજ રોપનારા આદિવાસી ગણનાયકો ભગવાન બિરસા મુંડા, ગુરુ ગોવિંદ, રાણા પૂંજા ભીલ તેમજ અનેક પ્રતિભાઓને યાદ કર્યા હતા.

# દાહોદ જિલ્લાની ઝાલોદ તાલુકાની ભીમપુરી પ્રાથમિક શાળામાં રજત મહોત્સવ ઉજવાયો



। ઝાલોદ, તા.૧૧ ।

દાહોદ જિલ્લાની ઝાલોદ તાલુકાની ભીમપુરી પ્રાથમિક શાળામાં રજત મહોત્સવની ઉજવણી કરવામાં આવી જેમાં મુખ્ય મહેમાન તરીકે ઝાલોદ તાલુકાના ફૂલપુરા સી.આર.સી ક્લસ્ટરના વનવિરસિંહ અળખુબા રાઠોડ મુખ્ય મહેમાન તરીકે તેમજ ભીમપુરી પ્રા.શાળા ના એસ.એમ. સી.ના અધ્યક્ષ ડામોર ગલુભાઈ સુરતાનભાઈ શાળાના એસ.એમ.સી.ના સભ્યો આ શાળાના આચાર્ય પારગી પરથીગભાઈ ચુનિલાલ તથા આજુબાજુની પ્રાથમિક શાળાના શિક્ષકગણોએ પણ હાજરી આપેલ હતી. તેમાં મુખ્ય મહેમાન વનવીર સિંહ દ્વારા દીપ પ્રાગટ્ય કરી આ કાર્યક્રમ ખુલ્લો મુકવામા આવેલ હતો. તથા ગામમાંથી પધારેલ ગ્રામજનો બહેનો અને આ શાળાના બાળકો દ્વારા આ કાર્યક્રમની શરૂઆત સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે કરવામાં આવી હતી. આ રજત મહોત્સવની ઉજવણી આનંદભેર અને ઉત્સાહ રીતે કરવામાં આવી હતી. અને આ શાળાના આચાર્ય દ્વારા તિથિ ભોજન આપવામાં આવ્યું હતું અને છેલ્લે આ કાર્ય કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી અને છેલ્લે રાષ્ટ્રગીત ગાઈ તમામ છુટા થયેલ હતા.

# Triumph Speed 400ની પ્રથમ બેચની અમદાવાદ ડિલીવરી કરાઇ




। અમદાવાદ, તા.૧૧ ।

જેની લાંબા સમયથી પ્રતીક્ષા કરવામાં આવી રહી હતી તેવી **Triumph Speed 400**ની ડિલીવરી ૭ ઓગસ્ટ ૨૦૨૩ના રોજરિયા ઓટોટેક પ્રાઈવેટ લિમિટેડડીલરશિપ ખાતે ડિલીવર કરવામાં આવ્યા હતા. ૨૭ જૂનના રોજ લંડન ખાતેઅનાવરણ કરાયેલ **Triumph Speed** ૪૦૦ અને **Scrambler 400 X**એ ગ્રાહકોપાસેથી અભૂત પૂર્વ પ્રતિસાદ પ્રાપ્ત કર્યો છે.ગયા અઠવાડિયે પુણે, મુંબઈ, બેંગલુરુ, હૈદરાબાદ અને ચેન્નાઈમાં સફળ પ્રક્ષેપણ પછી, ટ્રાયમ્ફ સ્પીડ **400** ને અમદાવાદમાં આ ઈવેન્ટમાં જબરદસ્ત પ્રતિસાદ મળ્યો, જે શહેરમાં વાહનોની પ્રથમ બેચની ડિલિવરીનું ચિહ્નિત કરે છે.

જે ગ્રાહકો **Speed 400** ઓનલાઈન બુક કરાવનારા પ્રથમ હતા તેમને તેમની બાઈક રોમાંચકતા અને જવણી સાથે છલકાતા વાતાવરણમાં આપવામાં આવી હતી. ડીલરશિપમાં જે રીતે સ્ટોરીઝ અને અનુભવો શેર કરવામાં આવ્યો હતો તે અનુસાર ઉત્સાહ છવાયેલો હતો, જેમાં **Triumph** મોટરસાયકલ્સને વ્યાખ્યાયિત કરતી ચડીયાતી કારીગરી અને અદ્યતન ટેકનોલોજી પર ભાર મુકવામાં આવ્યો હતો. ચળકાટ મારતી બાઈક્સ અસલ હરોળમાં ગોઠવવામાં આવી હતી જેણે સ્ટાઈલ અને શક્તિની સમજ પૂરી પાડી હતી. ડીલરશિપના કર્મચારીઓએ પણ ગ્રાહકને અને પ્રથમ ઉપભોક્તાને મદદ કરી હતી અને અંતરાયમુક્ત અને સંતોષજનક ડિલીવરી અનુભવની ખાતરી કરવા માટે પ્રત્યેક પ્રશ્નના જવાબો પણ આપ્યા હતા.

# પારુલ યુનિવર્સિટીના યુજીસીએ ઓનલાઈન એમબીએ પ્રોગ્રામને મંજૂરી આપી : અરજીની અંતિમ તારીખ નજીક આવી રહી છે



પારુલ યુનિવર્સિટી, ભારતની પ્રતિષ્ઠિત યુજીસી -મંજૂર ખાનગી યુનિવર્સિટી, તેના ઓનલાઈન એમબીએ પ્રોગ્રામમાં પ્રવેશની છેલ્લી તારીખ ૩૧મી ઑગસ્ટ ૨૦૨૩ના રોજ જાહેર કરે છે. ઉમેદવારો આ કાર્યક્રમ માટે અધિકૃત વેબસાઈટ દ્વારા અરજી કરી શકે છે, (નોંધણી લિંક).

આ પ્રસંગે બોલતાં, ડૉ. કિંજલ સિંહા, પારુલ યુનિવર્સિટીના સેન્ટર ફોર કન્ટીન્યુઈંગ એજ્યુકેશન એન્ડ ઓનલાઈન લર્નિંગના ડિરેક્ટર કહે છે, "અમે મહત્વાકાંક્ષી વિદ્યાર્થીઓને પારુલ યુનિવર્સિટીના યુજીસી- મંજૂર ઓનલાઈન એમબીએ પ્રોગ્રામ સાથે શૈક્ષણિક શ્રેષ્ઠતા અને વ્યક્તિગત વિકાસની અસાધારણ સફર શરૂ કરવા માટે આમંત્રિત કરતાં રોમાંચિત અનુભવીએ છીએ. પારુલ ખાતે, અમે વૈશ્વિક પરિપ્રેક્ષ્ય અને ઉદ્યોગ-સંબંધિત કૌશલ્યોથી સજ્જ આવતીકાલના નેતાઓને ઉછેરવામાં વિશ્વાસ રાખીએ છીએ. અમારો ઓનલાઈન એમબીએ પ્રોગ્રામ શીખવાનો લવચીક અને સમૃદ્ધ અનુભવ પ્રદાન કરે છે, જે વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક વ્યવસાયો અને અન્ય પ્રતિબદ્ધતાઓ વચ્ચે **NAAC A** માન્યતા અને **AICTE** અને **UGC** તરફથી માન્યતા સાથે સંપૂર્ણ સંતુલન જાળવવા સક્ષમ બનાવે છે. અમે મેનેજમેન્ટ એજ્યુકેશનમાં સર્વોચ્ચ ગુણવત્તા અને અજોડ શૈક્ષણિક મૂલ્ય ધરાવતી ડિગ્રીની બાંયધરી આપીએ છીએ. અમારી સાથે જોડાઓ અને સાથે મળીને બિઝનેસની દુનિયામાં સફળ અને લાભદાયી ભવિષ્ય માટે માર્ગ મોકળો કરીએ."

# કુંવરજીભાઈ બાવળિયાની છોટાઉદેપુર જીલ્લાના વિવિધ પ્રકલ્પો બાબતે મુલાકાત

## પાણી પુરવઠા મંત્રીએ કામ ચાલુ હોય તેવી યોજનાઓનું જાતે નિરીક્ષણ કર્યું

। છોટાઉદેપુર, તા.૧૧ ।

મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા, જળસંપતિ, અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અમે ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો, તા.૧૦ જુલાઈના રોજ છોટાઉદેપુર જીલ્લાના વિવિધ સ્થળો પર બની રહેલા પ્રકલ્પોની મુલાકાત લઈ સુપરવિઝન કર્યું હતું. તેઓ તાપી, આહવાના અમુક સ્થળો પર જઈ રોડ માર્ગ દ્વારા છોટાઉદેપુરના કવાંટ તાલુકાના રામી ડેમ પર સૌ પ્રથમ મુલાકાત લીધી હતી. ત્યાંથી તેઓ જેતપુર તાલુકાના સખાન્દ્રા ગામે જૂથ પાણી પુરવઠા યોજનાની મુલાકાત માટે ગયા હતા. ત્યાં તેમણે જીણવંટ ભર્યું નિરીક્ષણ કરી અધિકારીઓની પાસેથી પ્રોજેક્ટની વિગતો મેળવી હતી. અહી તેમણે અધિકારીઓ સાથે લાંબી ચર્ચા કર્યા બાદ રોઝકુવા પાણી પુરવઠા યોજનાની મુલાકાત કરી હતી. આ ત્રણે યોજનાઓમાં ૫૦-૬૦% કામ થયેલ છે.

આ યોજના પૂર્ણ થતા છોટાઉદેપુર જીલ્લાના ઉનાળાનો પાણીનો પ્રશ્ન ઓછો થવા પામશે. આ તમામ યોજનાઓ ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૪ સુધીમાં કાર્યરત થવાની સંભાવના છે. તા. ૯ના રોજ સાંજના સમયે વધારે માત્રામાં વરસાદ થવાથી તેમના પ્રવાસ થોડો ખોરવાઈ ગયો હતો.





રાત્રીના સમયે ૯ વાગ્યા સુધીમાં તેઓ સર્કિટ હાઉસ પહોચ્યા હતા જ્યાં તેમણે રાત્રી રોકાણ કર્યું હતું. તેઓ છોટાઉદેપુર જીલ્લા પછી દાહોદ અને પંચમહાલ જીલ્લાના વિવિધ સ્થળોએ પણ અહીથી જવાના હતા, આમ ત્રણ દિવસનો સતત બાય રોડ પ્રવાસ કરી તેઓ તા.૧૩ના રોજ ગાંધીનગર મુકામે રવાના થવાના છે.

# સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા સુપરવાઇઝિંગ ઓફિસર્સ કો- ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી અમદાવાદ દ્વારા તેમના સ્થાપક સ્વ શ્રી બી એમ સંઘવીની પુણ્યતિથિની ઉજવણી

સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયા સુપરવાઈઝિંગ ઓફિસર્સ કો- ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી અમદાવાદ દ્વારા પ્રતિ વર્ષ ની માફક આ વર્ષે પણ તેમના સ્થાપક સ્વ. શ્રી બી એમ સંઘવી સાહેબ ની ૪૩ મી પુણ્યતિથિ ની ઉજવણી ના ભાગ રૂપે તા. ૦૫.૦૮.૨૦૨૩ ને શનિવાર ના રોજ સાબરમતી આશ્રમ સ્થિત સ્ત્રી અધ્યાપન મંદિર ની અંતેવાસી એવી લગભગ ૧૦૦ દીકરીઓ ને એક માસ ચાલે તેટલા રાશન માટે નું અનુદાન આપવામાં આવેલ હતું. ઉપરોક્ત કાર્યક્રમ ની શરૂવાત માં સંસ્થા ના ટ્રસ્ટી શ્રી અજીત દાદા એ ઉપસ્થિત સર્વે મહાનુભાવો નું શબ્દો થી / સૂતર ની આંટી પહેરાવી સ્વાગત કરેલ અને ત્યારબાદ એસબીઆઈ ઓફિસર્સ એસોસિયેશન ના જનરલ સેક્રેટરી શ્રી રંજન કરણ, પ્રમુખ શ્રી નિલેશ રાડિયા તથા ક્રેડિટ સોસાયટી ના સેક્રેટરી શ્રી કેતન પારેખ દ્વારા પ્રસંગોચીત ઉદબોધન દ્વારા સંસ્થા ની પ્રવૃત્તિ ઓ ને બિરદાવવા માં આવેલ હતી. સાથે સાથે તેમણે સૌ એ આટલી સુંદર અને સારી સંસ્થા ને પસંદ કરવા બદલ શ્રી રોહિત ભાઈ સંઘવી નો ખુબ આભાર માનેલ હતો.

# જામકંડોરણા તાલુકામાં ૭૦૦થી વધુ વૃક્ષો વાવી વસુધા વંદન દ્વારા સાજડીયાળી સહિત નવ ગામોમાં કાર્યક્રમો યોજાયા

। રાજકોટ, તા.૧૧ ।

રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના સાજડીયાળી ગામ ખાતે તાલુકા વિકાસ અધિકારીશ્રી એચ. એમ.ભાસ્કરના અધ્યક્ષસ્થાને "મારી માટી, મારો દેશ" કાર્યક્રમ યોજાયો હતો. આ સાથે જ જામકંડોરણા તાલુકાના ચરેલ, ઈશ્વરીયા, બેલડા, જસાપર, કાના વડાળા, તરકાસર, પીપળીયા માલજીભી, અડવાળ અને પીપરડી ગામે પણ "મારી માટી, મારો દેશ" અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયા હતા. જેમાં આ ગામો ખાતે સશસ્ત્ર દળોમાં સેવા આપી રહેલા સૈનિકો તેમજ નિવૃત્ત થયેલા વીર જવાનોનું શાલ ઓઢાડી, સન્માન પત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે શીલા ફલકમનું અનાવરણ, હાથમાં માટી તેમજ દીવા સાથે પંચ પ્રતિજ્ઞા તેમજ દરેક કાર્યક્રમ સ્થળે ૭૫ મળી કુલ ૭૫૦ જેટલા વૃક્ષોનું રોપણ કરી "વસુધા વંદન" કાર્યક્રમ સાથે રાજકોટ જિલ્લાને હરિયાળો બનાવવા સૌ ગ્રામજનોએ યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજે ૧૫૦૦ જેટલા લોકોએ જોડાઈ પોતાની સેલ્ફી લીધી હતી તેમજ અન્ય ગ્રામજનો ઓનલાઈન સાઈટ પર જઈ આ અભિયાનનો ભાગ બન્યા હતા. કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રગાન અને ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે તે આજે તેમના પ્રેમી ને યાદ કરી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ફિટનેસ તથા વેટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો. અનોય તમારે વધારો પડતો સમય માગશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તબિયત પર ધ્યાન આપવું પડશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારા નિર્ણયો બાળકો પર થોપવાથી તેઓ નારાજ થશે. એના કરતાં તેમને સમજાવો જેથી જેઓ સમજપૂર્વક તેનો સ્વીકાર કરે. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આજ ના દિવસે ધન હાનિ થવાની સંભાવના છે તેથી લેણદેણની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. કામ બાકી હોવા છતાં રૉમાન્સ તથા સામાજિક બાબતો તમારા મગજ પર રાજ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પત્ની સાથે સંબંધો સુમેળભર્યા બનાવવા માટે સારો દિવસ.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્રઢતા બક્ષશે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે, તમે આ વતો પહેલા પણ સાંભળી હશે.

### એશિયા કપ ૨૦૨૩ હાઈબ્રિડ મોડલમાં રમાશે

# એશિયા કપમાં ભારતીય ટીમની જર્સી પર પાક.ના નામથી વિવાદ

### એવું પહેલીવાર થશે કે જ્યારે ઈન્ડિયન ટીમની જર્સી પર પાકિસ્તાનનું નામ છપાશે, હોસ્ટ દેશનું નામ હોય છે

। નવી દિલ્હી, તા.૧૧ ।

એશિયા કપ ૨૦૨૩ની શરૂઆત આ મહિને ૩૦ ઓગસ્ટથી થવા જઈ રહી છે. જેમાં પાકિસ્તાન આને હોસ્ટ કરશે અને ટૂર્નામેન્ટ હાઈબ્રિડ મોડલમાં રમાઈ રહી છે. એટલે કે કેટલીક મેચ પાકિસ્તાનમાં આયોજિત થશે તો કેટલીક મેચ કે જેમાં ટીમ ઈન્ડિયા ભાગ લઈ રહી છે તે શ્રીલંકામાં રમાશે. આ દરમિયાન એક મોટો વિવાદ વકરી શકે એવા એંધાણ સામે આવી રહ્યા છે. એશિયા કપમાં ટીમ ઈન્ડિયાની જર્સી પર પાકિસ્તાનનું નામ છપાયેલું હોવાથી ચર્ચાઓ વધી રહી છે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે એવું પહેલીવાર થશે કે જ્યારે ઈન્ડિયન ટીમની જર્સી પર પાકિસ્તાનનું નામ છપાશે. આની પાછળનું મોટું કારણ એશિયા કપને હોસ્ટ કરવાનું છે. કારણ કે જે ટીમ હોસ્ટ કરે એનું નાના ફોન્ટમાં નામ એશિયા કપના લોગો નીચે હોય છે. તેવામાં હવે ભારત અને પાકિસ્તાન જોરદાર ટક્કર થાય એમ છે. તેવામાં હવે આનાથી ફેન્સ શું પ્રતિક્રિયા આપશે એ જોવા જેવું રહ્યું છે.

એશિયા કપ ૨૦૨૩ને લઈને ભારત અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. બીસીસીઆઈએ સ્પષ્ટપણે કહ્યું છે કે પાકિસ્તાનની સફર અમારી ટીમ નહીં કરે. તેવામાં ટૂર્નામેન્ટને કોઈ એક ન્યૂટ્રલ વેન્યૂ પર આયોજિત કરવાની માગ ઉઠી રહી હતી. જોકે પાકિસ્તાન આના માટે તૈયાર નહોત થયું અને ત્યારપછી એશિયન ક્રિકેટ કાઉન્સિલના હસ્તક્ષેપ પછી હાઈબ્રિડ મોડલ પર આની રમવાની તૈયારીઓ શરૂ કરાઈ હતી.

# BCCIએ પાંચ વર્ષમાં ૨૭ હજાર કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી

### બીસીસીઆઈએ ૧,૧૫૯ કરોડનો આવકવેરો ચૂકવ્યો, નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ આ માહિતી આપી

। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ વિશ્વનું સૌથી ધનિક ક્રિકેટ બોર્ડ છે અને તેણે કમાણીના મામલામાં ફરી એકવાર પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. બીસીસીઆઈએ પાંચ વર્ષમાં ૨૭ હજાર કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૨૦૨૨ના પાંચ વર્ષ દરમિયાન બીસીસીઆઈને કુલ ૨૭,૪૧૧ કરોડ રૂપિયાથી વધુની આવક થઈ છે. બીસીસીઆઈએ રૂપિયા ૧,૧૫૯ કરોડનો આવકવેરો ચૂકવ્યો છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં આ માહિતી આપી છે.

રાજ્યસભામાં માહિતી આપતા પંકજ ચૌધરીએ કહ્યું કે બીસીસીઆઈને આ આવક ICCના મીડિયા અધિકારો, સ્પોન્સરશિપ અને રેવન્યુ શેર દ્વારા પ્રાપ્ત થઈ છે. પંકજ ચૌધરીએ




શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)ના સાંસદ અનિલ દેસાઈના પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી હતી. અનિલ દેસાઈએ સંસદમાં પ્રશ્ન પૂછ્યો હતો કે શું કેન્દ્ર સરકારને એ વાતની જાણ છે કે બીસીસીઆઈવિશ્વની બીજી સૌથી ધનિક રમત સંસ્થા છે? આ સિવાય તેમણે સરકારને છેલ્લા પાંચ વર્ષમાં બીસીસીઆઈની આવક, ખર્ચ અને ટેક્સની વિગતોની માહિતી આપવા પણ વિનંતી કરી હતી. નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ પ્રશ્નના જવાબમાં ગૃહમાં કહ્યું હતું કે સરકાર વૈશ્વિક સ્તરે રમતગમત સંસ્થાઓની નાણાકીય સ્થિતિ અંગેનો ડેટા જાળવી શકતી નથી, પરંતુ તેમણે બીસીસીઆઈનો ડેટા ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભા સાથે શેર કર્યો છે.

બીસીસીઆઈએ આ પાંચ વર્ષમાં સારો એવો ટેક્સ ચૂકવ્યો છે અને તેનો આંકડો ૪૨૯૮ કરોડ રૂપિયા રહ્યો છે. બીસીસીઆઈએ આ પાંચ વર્ષમાં ૧૫,૧૭૦ કરોડ રૂપિયાનો ખર્ચ દર્શાવ્યો છે. બીસીસીઆઈએ નાણાકીય વર્ષ ૨૦૧૮માં રૂ. ૨૯૧૭ કરોડની આવક દર્શાવી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૨માં વધીને રૂ. ૭૬૦૬ કરોડ થઈ હતી. આ આવક વધવા પાછળનું મુખ્ય કારણ IPL અને ભારતીય ક્રિકેટના મીડિયા અધિકારોની કિંમતમાં વધારો છે. બીસીસીઆઈએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૧,૧૫૯ કરોડનો આવકવેરો ચૂકવ્યો છે, જે અગાઉના વર્ષ કરતાં ૩૭ ટકા વધુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં બીસીસીઆઈની કમાણી વધી જશે કારણ કે તેણે આગામી પાંચ વર્ષ માટે મીડિયા રાઈટ્સ રૂ. ૪૮,૩૯૦ કરોડનો સોદો કર્યો છે. આ ઉપરાંત તેણે અનેક કંપનીઓ પાસેથી સ્પોન્સરશિપ મેળવી છે આ સિવાય પણ IPLના મીડિયા રાઈટ્સ ઉપરાંત અન્ય કેટલાક સોદા પણ સામેલ છે. બીસીસીઆઈએ વર્ષ ૨૦૧૭માં IPLના મીડિયા રાઈટ્સ રૂપિયા ૧૬,૧૪૭ કરોડમાં વેચ્યા હતા. આ રકમ બમણી કરતાં પણ વધુ થઈ ગઈ છે કારણ કે ૨૦૦૮થી ૨૦૧૭ સુધીના ૧૦ વર્ષ દરમિયાન IPLના મીડિયા રાઈટ્સ રૂ. ૮૨૦૦ કરોડમાં વેચવામાં આવ્યા હતા.



નવી દિલ્હી ખાતે કેન્દ્રીય સંસ્કૃતિ રાજ્યમંત્રી મીનાક્ષી લેખી હર ઘર તિરંગા બાઈક રેલી દરમિયાન સાયકલ પર સવારી કરી હતી.

# ડોક્ટર કોઈ દવાની કંપનીની જાહેરાત નહીં કરી શકે

। નવી દિલ્હી, તા.૧૧ ।

ડૉક્ટરો હવે હિંસક રોગીની સારવાર કરવાથી ઈનકાર કરી શકશે. તેની સાથે જ કોઈ પણ દવા કંપનીની જાહેરાત નહીં કરી શકે. જો કોઈ એવો મામલો સામે આવશે તો તેમના લાયસન્સ રદ કરવામાં આવી શકે છે. આ નવો નિયમ નેશનલ મેડિકલ કમિશન (એનએમસી) એ એક નોટિફિકેશનના માધ્યમથી દેશભરમાં લાગુ કર્યો છે. આ નિયમ હેઠળ ડૉક્ટરો હિંસક રોગીને સારવાર આપવાની ના પાડી શકે છે પણ ડૉક્ટરે એ જરૂરથી જોવાનું રહેશે કે આવું કરવાથી ક્યાંક દર્દીનો જીવ જોખમમાં ના પાડી જાય. નેશનલ મેડિકલ કમિશને આશરે એક વર્ષથી લંબિત રજિસ્ટર્ડ મેડિકલ વ્યવસાયિક આચરણ વિનિયમ સંબંધિત નોટિફિકેશનને હવે જાહેર કરી છે. તેમાં સામેલ નવા નિયમો ગત બે ઓગસ્ટથી દેશભરમાં લાગુ કરી દેવાયા છે. નવા નિયમો અનુસાર જો કોઈ ડૉક્ટર કે તેમના પરિવારને કોઈ ભેટ, યાત્રા સુવિધા, રોકડ કે નાણાકીય ગ્રાન્ટ આપે છે તો તે ડૉક્ટરનું લાયસન્સ રદ થઈ શકે છે. આ ઉપરાંત રજિસ્ટર્ડ ડૉક્ટર સેમીનાર, કાર્યશાળા, સંગોષ્ઠી કે પછી સંમેલન જેવા કોઈપણ ત્રીજા પક્ષની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સામેલ નહીં થઈ શકે, જેને કોઈ ફાર્મા કંપની સાથે લેવા દેવા હોય. નોટિફિકેશનમાં સ્પષ્ટ જણાવાયું છે કે કોઈ પણ સ્થિતિમાં ડૉક્ટરો ભેટ નહીં સ્વીકારી શકે. જો કોઈ હોસ્પિટલમાં સારવાર લેનાર દર્દીને તેના દસ્તાવેજોની માહિતી જોઈતી હશે તો હોસ્પિટલ દ્વારા ડૉક્ટરે આ કામગીરી મહત્તમ ૫ દિવસમાં પૂરી કરવાની રહેશે. અગાઉ તેના માટે ૭૨ દિવસનો સમય મળતો હતો. ડૉક્ટરો હવે તેમના નામની આગળ બેફામ રીતે ડિગ્રીઓના નામ પણ નહીં લખી શકે. તેઓએ ફક્ત એનએમસીદ્વારા પ્રાપ્ત ડિગ્રી કે ડિપ્લોમા જ લખવાનું રહેશે. તેના વિશે એનએમસીની સાઈટ પર વિગતો ઉપલબ્ધ રહેશે.

### અચાનક રસ્તા પર રોકાવી પોતાની કાર

# ફેન્સ સાથે ધોનીનો જોવા મળ્યો મસ્તીભર્યો અંદાજ

### ઘૂંટણની સમસ્યા હોવા છતાં ધોનીએ એક પણ મેચ ચૂકી ન હતી અને તે તમામ મેચમાં કેપ્ટનશિપ કરી હતી

। નવી દિલ્હી, તા.૧૧ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ની ૧૬મી સીઝનમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) ને પોતાની કેપ્ટનશીપ હેઠળ વિજેતા બનાવ્યા બાદ મહેન્દ્ર સિંહ ધોની રાંચીમાં તેના ઘરે તેના પરિવાર સાથે સમય પસાર કરી રહ્યો છે. આ દરમિયાન ધોનીના કેટલાક વીડિયો સામે આવ્યા છે જેમાં તે તેના ફેન્સ સાથે વાત કરતો અથવા વિન્ટેજ કાર ચલાવતો જોવા મળે છે. IPL સીઝન પૂર્ણ થયા બાદ ધોનીના ઘૂંટણનું ઓપરેશન કરવામાં આવ્યું હતું અને આ સમયે તે રિકવરીની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો છે. આ દરમિયાન ભારતીય ટીમનો પૂર્વ કેપ્ટન રાંચીમાં ઘણી વખત ફરતો જોવા મળ્યો હતો. આ દરમિયાન, જ્યારે તે ગયા અઠવાડિયે વિન્ટેજ કાર પોન્ટિયાક ફાયરબર્ડ (૧૯૭૩) ચલાવતો જોવા મળ્યો હતો, ત્યારે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. હવે ધોનીનો એક ફેન સાથેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં તે તેની સાથે વાત કરતો જોવા મળી રહ્યો છે. આ વીડિયોમાં ધોની તેની કારમાં બેઠો છે. બીજી તરફ, જ્યારે બાઈક પર આવેલા બે ફેન્સ તેના વિક્ટરી સાઈન સાથે ફોટો લેવા માટે વિનંતી કરી, ત્યારે ધોનીએ તરત જ તેમને સહમતિ વ્યક્ત કરી હતી. દરમિયાન ધોની કારની પેસેન્જર સીટ પર બેઠો હતો. IPLની ૧૬મી સીઝનમાં કેપ્ટન તરીકે મહેન્દ્ર સિંહ ધોનીનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું. ઘૂંટણની સમસ્યા હોવા છતાં ધોનીએ એક પણ મેચ ચૂકી ન હતી અને તે તમામ મેચમાં કેપ્ટનશિપ કરી હતી અને અંતે ટીમને વિજેતા બનાવી હતી. હવે વર્ષ ૨૦૨૪માં યોજાનારી IPL સીઝનમાં ધોનીના રમવાની આશા ઘણી વધી ગઈ છે. તેના ઘૂંટણનું ઓપરેશન સંપૂર્ણ રીતે સફળ થયા બાદ એવું માનવામાં આવે છે કે તે આગામી સીઝનમાં પણ ચેન્નઈની કેપ્ટનશીપ કરતો જોવા મળી શકે છે.

# આઠ વર્ષમાં ૨.૪૬ લાખ લોકોએ ભારતીય પાસપોર્ટ સરન્ડર કર્યા

### ભારતીય પાસપોર્ટ સરન્ડર કરીને લોકો અમેરિકા, કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયાના નાગરિકો બનતા હોય છે

। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારત છોડીને વિદેશમાં કાયમ માટે જઈ રહેલા લોકોની સંખ્યા વધી રહી છે. મોટી સંખ્યામાં લોકો ભારતીય પાસપોર્ટ છોડીને વિદેશનું નાગરિકત્વ લઈ રહ્યા છે. સરકારે આપેલા આંકડા પ્રમાણે છેલ્લા ૮ વર્ષમાં ૨.૪૬ લાખ ભારતીયોએ ભારતીય પાસપોર્ટ સરન્ડર કરી દીધો છે. એટલે કે દર વર્ષે લગભગ ૩૦,૦૦૦થી વધારે લોકો ભારતીય સિટિઝનશિપનો ત્યાગ કરે છે. ભારતીય પાસપોર્ટ સરન્ડર કરીને લોકો અમેરિકા, કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયાના નાગરિકો બનતા હોય છે તેવું પણ જાણવા મળ્યું છે. રાજ્યસભામાં અપાયેલી માહિતી પ્રમાણે ૨૦૧૪થી ૨૦૨૨ સુધીમાં જે લોકોએ પાસપોર્ટ જમા કરાવી દીધા તેમાં એકલા દિલ્હીમાં ૬૦,૪૧૪ લોકો રજિસ્ટર થયા હતા. પંજાબમાંથી ૨૮,૧૧૭ લોકોએ ભારતીય પાસપોર્ટ સરેન્ડર કરી દીધો છે. આ ઉપરાંત ગુજરાતના ૨૨,૩૦૦ લોકો, ગોવાના ૧૮,૬૧૦ લોકો અને કેરળના ૧૬,૨૪૭ નાગરિકોએ ભારતીય પાસપોર્ટનો ત્યાગ કર્યો છે.

રાજ્યકક્ષાના વિદેશ મંત્રી વી. મુરલીધરને એક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ૨૦૧૪થી ૨૦૨૨ દરમિયાન આઠ વર્ષના ગાળામાં કુલ ૨,૪૬,૫૮૦ લોકોએ પોતાના પાસપોર્ટ સરન્ડર કરી દીધા છે. ૨૦૧૯થી ૨૦૨૨ સુધીના સમયગાળામાં લગભગ ૨૪,૭૦૦થી વધારે ભારતીયોએ પોતાના પાસપોર્ટ સરન્ડર કરાવી દીધા હતા અને જુદા જુદા ૩૫ દેશોનું નાગરિકત્વ સ્વીકારી લીધું હતું. ઉપર જણાવ્યું તે પ્રમાણે દિલ્હી, પંજાબ, ગુજરાત, ગોવા અને કેરળ આ લિસ્ટમાં સૌથી આગળ છે. આ ઉપરાંત અન્ય રાજ્યોમાં મહારાષ્ટ્ર (૧૭,૧૭૧), તમિલનાડુ (૧૪,૦૪૬), કર્ણાટક (૧૦,૨૪૫), આંધ્રપ્રદેશ (૯,૨૩૫), તેલંગણા (૭,૨૫૬), દમણ અને દીવ (૪,૭૨૨) તથા રાજસ્થાન (૩,૯૪૦)નો પણ સમાવેશ થાય છે. વિદેશમાં પાસપોર્ટ સરન્ડર કરી દેવાયા હોય તેવા કિસ્સા પણ વધ્યા છે. ૨૦૧૯માં આવા ૭૧ કેસ અને ૨૦૨૦માં ૫૨૨ કેસ બન્યા હતા જેમાં ભારતીયોએ વિદેશમાં પોતાના પાસપોર્ટ સરન્ડર કર્યા હતા.

## વિશેષ

### સેવાનો અનોખો સંકલ્પ : જન્મદિવસની ઉજવણી પ્રસંગે ૧૦૦ ન્યુટ્રીશન કીટ અર્પણ

# લિંબાયત ધારાસભ્ય સંગીતાબેન પાટીલની ક્ષય ગસ્ત દર્દીઓ સાથે જન્મદિવસની ઉજવણી કરી

### દર્દીઓની અને સમાજની સેવા કરવી એ સાચા અર્થમાં જન્મ દિવસની ઉજવણી : ધારાસભ્ય સંગીતાબેન પાટીલ

નવી સિવિલ હોસ્પિટલના ટી.બી.વિભાગ દ્વારા લિંબાયતના લોકપ્રિય અને કર્મઠ ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલના તા.૧૨મી ઓગસ્ટના રોજ પોતાના જન્મદિવસની અનોખી અને સેવાસભર ઉજવણી પ્રસંગે જરૂરીયાત મંદ ટી.બી. પિડીત દર્દીઓ સાથે જન્મ દિવસની ઉજવણી કરી હતી. લિંબાયત વિસ્તારના જરૂરીયાતમંદ ટી.બી.પિડીત દર્દીઓને ૩ મહિના સુધી ચાલી શકે તેવી ન્યુટ્રીશન કીટ અને નવી સિવિલ હોસ્પિટલના બાળરોગ વિભાગના બાળકોને ૫૧ મચ્છર દાની, ૧૫૧ બેબી કીટ તથા ૧૦૦ કલર ફૂલ છત્રીઓ સંગીતાબેન પાટીલના હસ્તે અર્પણ કરવામાં આવી હતી.





જન્મદિવસની ઉજવણીને જનસેવા સાથે જોડતા કર્મઠ ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલે કહ્યું કે, લોકોના સુખ-દુઃખના સમયે સાથે રહીને સહભાગી બનવું એ આપણી નૈતિક ફરજ છે. ૨૦૨૫ સુધીમાં દેશ ટી.બી. મુક્ત બને એજ મારા જન્મદિવસની રિટર્ન ગીફટ છે. લિંબાયત વિસ્તાર મીની ભારત તરીકે જાણીતું બન્યુ છે અને મને ભારતના લોકોની સેવા કરવાનો અવસર મળ્યો છે તે હું ક્યારેય ચૂકીશ નહી. જનસમૂહનો સ્નેહ અને લાગણી મને સતત કાર્યશીલ રહેવાની પ્રેરણા આપી રહી છે. દર્દીઓની અને સમાજની સેવા કરવી એ સાચા અર્થમાં જન્મ દિવસની ઉજવણી એમ શ્રીમતી પાટીલે જણાવ્યું હતું.

સિન્ડીકેટ સભ્ય અને ટી.બી વિભાગના વડા પારૂલ વડગામાએ કહ્યું હતું કે, ટી.બી. પિડીત દર્દીઓથી દૂર જવાને બદલે દર્દીઓ માટેની સમાજમાં રહેલી ગેરમાન્યતાઓ દૂર કરવાની જરૂર છે. ક્ષય ગ્રસ્ત દર્દીઓને સહયોગ આપીને રોગ મુક્ત સમાજના નિર્માણમાં સહભાગી બનવું એ સાચી પ્રભુ સેવા છે. ટી.બી પિડીત દર્દીઓને પોષણ યુક્ત ન્યુટ્રીશન કિટમાં ૧ કિલોગ્રામ શીંગદાણા, ૧ કિલોગ્રામ ચણા, ૧ કીલો ખજૂર, ૧ કિલોગ્રામ સોયાબીન, ૧ કિલોગ્રામ મગ, ૧ કિલોગ્રામ ગોળ, ૨ કિલોગ્રામ દાળ સહિત પ્રોટીન યુક્ત આહાર કીટ આપવામાં આવી હતી. આ સાથે દાળિયા, પનીર અને દૂધમાં પણ પૂરતી માત્રામાં પ્રોટીનનું પ્રમાણ રહેલું હોય છે. દવાની સાથે ઉચ્ચ ગુણવત્તાયુક્ત આહારથી છથી આઠ મહિનામાં દર્દીઓની ટીબી મુક્ત થવાની શક્યતા વધી જાય છે.

નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષશ્રી ઈકબાલ કડીવાલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતા કહ્યું કે, સુરતના કાર્યશીલ મહિલા ધારાસભ્ય હંમેશા દર્દીઓની સેવામાં તત્પર હોય છે. દરેક જનસમૂહની વિકટ પરિસ્થિતિમાં ભલામણની સાથે તેનું ફોલોઅપ લેવું તેવી તેની અનોખી કાર્યશૈલી રહી છે.

આ પ્રસંગે તબીબી અધિક્ષક ડો.ગણેશ ગોવેકર, આર.એમ.ઓ. ડો.કેતન નાયક, મેડિકલ કોલેજના ડીન ડો. રાગીનીબેન વર્મા, એડિશનલ ડીન ડો. ધારિત્રીબેન પરમાર, એસએમસી ટી.બી. ઓફિસર ડો.ભાવિનભાઈ પટેલ, વિભાગીય નાયબ નિયામકશ્રી ડો.જ્યોતિબેન ગુપ્તા, સર્જરી વિભાગના વડા ડો.ગ્રિનિશભાઈ, સરકારી નર્સિંગ કોલેજના આચાર્ય ડો.ઈન્દ્રાવતિ રાવ, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ કાંતાબેન, કોર્પોરેટર સર્વશ્રી વિક્રમભાઈ પાટીલ, નરેન્દ્રભાઈ પાટીલ, વિરેન પટેલ, વિવિધ વિભાગના તબીબો, હેડ નર્સ, સ્ટાફ નર્સ, એસોસિયેશનના હોદેદારો સહિત ટી.બી. ગ્રસ્ત દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### વલસાડમાં ૧૫ ઓગસ્ટના રાજ્ય કક્ષાના સ્વતંત્રતા દિવસની ઉજવણીનું આયોજન

। વલસાડ,તા.૧૧ ।

વલસાડમાં ૧૫ ઓગસ્ટના રાજ્ય કક્ષાના સ્વતંત્રતા દિવસની ઉજવણી થવાની છે. આ કાર્યક્રમમાં ઝસ ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય હાજર રહેવાના છે. જો કે ૧૫ ઓગસ્ટના પર્વની ઉજવણી પહેલા વલસાડમાંથી શંકાસ્પદ બોટ મળી આવી છે. જેના પગલે પોલીસ દોડતી થઈ છે. ૧૫ ઓગસ્ટની ઉજવણી પૂર્વે તૈયારીઓ અને સુરક્ષાના ભાગ રુપે હવાઈ નિરીક્ષણ કરવામાં આવી રહ્યુ હતુ. દમણ કોસ્ટગાર્ડે હવાઈ માર્ગે નિરીક્ષણ કર્યુ હતુ. જે દરમિયાન આ બોટ મળી આવી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ આ બોટ ઓમાનની હોવાનું અનુમાન છે. બોટમાં હાલ શંકાસ્પદ કોઈ પણ વસ્તુ મળી આવી નથી. જો કે બોટ મળી આવતા જિલ્લા પોલીસની વિવિધ ટીમોએ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરુ કરી છે. સાથે જ માછીમારોની પૂછપરછ હાથ ધરી છે.

### અમદાવાદમાં મોબાઈલ ઝૂંટવી લેતી ગેંગ સક્રિય થઇ

। અમદાવાદ,તા.૧૧ ।

અમદાવાદમાં મોર્નિંગ વોક પર જતા લોકોના મોબાઈલ ફોન ઝૂંટવી લેતી ગેંગ સક્રિય થઈ છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મોબાઈલ ઝૂંટવી લેતી ગેંગના બે સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. આ શખ્સોએ મોર્નિંગ વોક માટે નીકળેલી મહિલાનો રંહી તેમજ અન્ય એક રસ્તે ચાલતી જતી મહિલા પાસેથી ફોન ઝૂંટવી લીધો હતો. સામાન્ય રીતે લોકો મોર્નિંગ વોકમાં અથવા તો મોડી રાત્રે ચાલવા જતા હોય છે. પોતાના ઘરની આસપાસના બાગ બગીચા કે રસ્તા ઉપર લોકો ચાલવા જતા હોય છે. ત્યારે આવા સમયે મોબાઈલ ફોન પર વાત કરતા લોકોના મોબાઈલ ઝૂંટવી લેવાની અનેક ફરિયાદો સામે આવી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બે મોબાઈલ ઝૂંટવી લેતા શખ્સોની ધરપકડ કરી છે. આ શખ્સોની પૂછપરછમાં સામે આવ્યું છે કે તેઓ અમદાવાદમાં અલગ અલગ જગ્યા ઉપર આ પ્રમાણે જે લોકો સવારે અથવા રાતે ચાલવા જતા હોય છે અને તે સમયે મોબાઈલ ફોન પર વાત કરતા હોય છે ત્યારે તેમને ટાર્ગેટ કરતા હતા અને મોકો જોઈને તેમનો મોબાઈલ ફોન ઝૂંટવી લેતા હતા. આ બંને ચોરો સામાન્ય રીતે મહિલાઓને પોતાનો પ્રથમ ટાર્ગેટ બનાવતા હતા. કેમકે મહિલાઓ જ્યારે ફોનમાં વાત કરતી હોય ત્યારે તેમની પાસેથી ફોન ઝૂંટવી લેવો સહેલો હતો.

### મોદી સરકાર આઈપીસીમાં ફેરફારો માટે લાવી બિલ

# લોકસભામાં 3 બિલ રજૂ : રાજદ્રોહ કાયદો સમાપ્ત થશે

। નવી દિલ્હી, તા.૧૧ ।

કેન્દ્ર સરકારે ભારતીય દંડ સંહિતા, ફોજદારી પ્રક્રિયા સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમમાં સુધારા માટે શુક્રવારે લોકસભામાં ત્રણ બિલ રજૂ કર્યા છે. આ ત્રણ કાયદા દેશમાં અંગ્રેજોના સમયથી લાગુ છે. આ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે સરકારનો ઉદ્દેશ્ય ન્યાય સુનિશ્ચિત કરવાનો છે, સજા આપવાનો નથી. તેમણે કહ્યું કે, જે કાયદાઓ રદ કરવામાં આવશે તેનું ધ્યાન બ્રિટિશ વહીવટીતંત્રને સુરક્ષિત અને મજબૂત બનાવવા પર હતું. એ કાયદાઓનો વિચાર ન્યાય આપવાનો નહીં, સજા કરવાનો હતો. હવે ત્રણેય નવા કાયદા ભારતીય નાગરિકોના અધિકારોનું રક્ષણ કરશે. ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા, ૨૦૨૩ અને ભારતીય પુરાવા બિલ, ૨૦૨૩ને વધુ તપાસ માટે સંસદીય પેનલને મોકલવામાં આવશે. અમિત શાહે કહ્યું કે, નવા કાયદામાં અમારું લક્ષ્ય સજા આપવાનું નથી, પરંતુ ન્યાય આપવાનું છે. શાહે કહ્યું કે, ૧૫ ઓગસ્ટના રોજ વડાપ્રધાને લાલ કિલ્લાની કિલ્લા પરથી દેશની સામે ૫ શપથ લીધા હતા. તેમાંથી એક પ્રતિજ્ઞા હતી કે અમે ગુલામીના તમામ ચિહ્નોને સમાપ્ત કરીશું. આજે હું જે ત્રણ બિલ લાવ્યો છું, તે ત્રણેય બિલ મોદીજીએ લીધેલા શપથમાંથી એકને પૂર્ણ કરી રહ્યા છે.

બિલ અનુસાર નવા કાયદા દ્વારા કુલ ૩૧૩ ફેરફારો કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા ફોજદારી ન્યાય પ્રણાલીમાં સંપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. જે કલમોમાં ૭ વર્ષથી વધુની સજા છે, ત્યાં ફોરેન્સિક ટીમ પુરાવા એકત્ર કરવા પહોંચી જશે.

- રાજદ્રોહની સજામાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા બિલમાં રાજદ્રોહનું નામ હટાવી દેવામાં આવ્યું છે. કલમ ૧૫૦ હેઠળની જોગવાઈઓ કેટલાક ફેરફારો સાથે યથાવત રાખવામાં આવી છે. સૂચિત કલમ ૧૫૦માં રાજદ્રોહ માટે આજીવન કેદ અથવા ત્રણ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.

૨૦૨૭ પહેલા દેશની તમામ કોર્ટ કોમ્પ્યુટરાઈઝ થઈ જશે. જો કોઈ વ્યક્તિની ધરપકડ કરવામાં આવશે તો તેના પરિવારજનોને તાત્કાલિક જાણ કરવામાં આવશે. આ માટે પોલીસ અધિકારીની નિમણૂક કરવામાં આવશે.

- ૩ વર્ષ સુધીની સજાપાત્ર કલમોની સમરી ટ્રાયલ થશે. જેના કારણે આ કેસની સુનાવણી અને નિર્ણય ટૂંક સમયમાં આવશે. જજે આરોપ ઘડ્યાના ૩૦ દિવસની અંદર પોતાનો ચુકાદો આપવો પડશે.

- જો સરકારી કર્મચારી સામે કેસ નોંધાય છે તો ૧૨૦ દિવસમાં કેસ ચલાવવાની પરવાનગી આપવી જરૂરી છે.

- સંગઠિત અપરાધમાં કઠોર સજાની જોગવાઈ કરવામાં આવી છે. મૃત્યુદંડની સજાને આજીવન કેદમાં બદલી શકાય છે, પરંતુ સંપૂર્ણ નિર્દોષ મુક્તિ સરળ નહીં હોય.

- રાજદ્રોહને સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી રહ્યો છે. કોર્ટ ગુનેગારોની મિલકત જપ્ત કરવાનો આદેશ આપશે, પોલીસ અધિકારી નહીં. રાજદ્રોહ કાયદો સમાપ્ત થશે. તેના બદલે હવે કલમ ૧૫૦ હેઠળ ચાર્જ નક્કી કરવામાં આવશે. કલમ ૧૫૦ કહે છે - ભારતની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકતા કૃત્યો. જે કોઈ પણ જાણી જોઈને બોલીને અથવા લખીને શબ્દો કે સંકેતોથી , દશ્યમાન પ્રતિનિધિત્વ દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર દ્વારા અથવા નાણાકીય માધ્યમોનો ઉપયોગ કરીને અથવા અન્યથા, અલગતા અથવા સશસ્ત્ર બળવો અથવા વિધ્વંસક પ્રવૃત્તિઓને ઉશ્કેરે છે અથવા પ્રયાસ કરે છે અથવા અલગતાવાદી પ્રવૃત્તિઓની લાગણીઓને પ્રોત્સાહન આપે છે અથવા સાર્વભૌમત્વને જોખમમાં મૂકે છે. અથવા ભારતની એકતા અને અખંડિતતા અથવા આવા કોઈ કૃત્યમાં સામેલ હોય અથવા કરે તો તેને આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે અને દંડ પણ થઈ શકે છે.

### રાજકોટ લવ જેહાદ કેસ

# રાજકોટમાં ક્રિકેટ કોચિંગના નામે મુસ્લિમ યુવકે હિંદુ યુવતીને ફસાવી

### યુવતીએ માતા-પિતાની ફરિયાદ ખોટી ઠેરવતા કોર્ટે યુવતીને નારી સંરક્ષણમાં મોકલી

। રાજકોટ,તા.૧૧ ।

રાજકોટ લવ જેહાદ કેસઃ રાજકોટમાં ક્રિકેટ કોચિંગના નામે મુસ્લિમ યુવકે હિંદુ યુવતીને ફસાવવાના કેસમાં મોટી અપડેટ સામે આવી છે. વાત જાણે એમ છે કે, ગુજરાત હાઈકોર્ટે મહેબુબ બુખારીની હેબિયસ કોપર્સની અરજી ફગાવી દીધી છે. નોંધનીય છે કે, મહેબુબ બુખારીએ યુવતીનો કબ્જો લેવા હેબિયસ કોપર્સની અરજી કરી હતી. જોકે કોર્ટમાં યુવતીએ મુસ્લિમ યુવક સાથે જવાની ના પાડી હતી. આ તરફ હાઈકોર્ટે મહેબુબ બુખારીની હેબિયસ કોપર્સની અરજી ફગાવી યુવતીને નારી સંરક્ષણમાં મોકલી આપી છે.

ક્રિકેટ કોચિંગના નામે મુસ્લિમ યુવકે હિંદુ યુવતીને ફસાવવાના રાજકોટ લવ જેહાદ કેસમાં મહેબુબ બુખારીએ યુવતીનો કબ્જો લેવા હેબિયસ કોપર્સની હાઈકોર્ટમાં અરજી કરી હતી. આ તરફ કોર્ટમાં યુવતીએ મુસ્લિમ યુવક સાથે જવાની ના પાડી હતી. યુવતીએ કહ્યું કે, હું મારા કેરિયર પર ફોકસ કરવા માંગુ છું. આ સાથે નારી સંરક્ષણ ગૃહમાં જ રહેવાની યુવતીએ કોર્ટમાં વિનંતી કરી હતી. જેને લઈ યુવતીને નારી સંરક્ષણમાં મોકલી અપાઈ છે.

મહેબુબ બુખારીએ યુવતીનો કબ્જો લેવા ગુજરાત હાઈકોર્ટમાં હેબિયસ કોપર્સની અરજી કરી હતી. જોકે કોર્ટમાં યુવતીએ કહ્યું કે, યુવક સાથે જવાની ના પાડી અને પોતાના કેરિયર પર ફોકસ કરવાનું જણાવ્યું હતું. આ સાથે યુવતીએ નરી સંરક્ષણ ગૃહમાં જ રહેવાની કોર્ટમાં વિનંતી કરી હતી. નોંધનીય છે કે, તાજેતરમાં જ યુવતીના માતા-પિતાએ યુવતીને ફસાવીને મુસ્લિમ યુવકે બળાત્કાર કર્યાની ફરીયાદ કરી હતી.

### શ્રાવણમાં ઉપવાસ કરવા મોંઘા પડશે

# ખાદ્યતેલથી લઇને ફરાળી ચીજવસ્તુઓ અને ફળોના ભાવમાં ૫૦ ટકાનો વધારો થયો

### વેપારીઓનું માનીએ તો દરેક ચીજવસ્તુઓનું ઉત્પાદન અને અછતના કારણે ભાવ વધી રહ્યા છે, ભાવ વધારાથી બજારમાં મંદી પણ જોવા મળી રહી છે

। રાજકોટ,તા.૧૧ ।

તહેવારમાં ફરી ગુજરાતની જનતાને મોંઘવારીના માર સહન કરવો પડશે. આ વખતનો શ્રાવણ મહિનાનો ઉપવાસ કરવો લોકોને મોંઘો પડી શકે છે. જંગી ભાવ વધારાના પગલે ફળો અને ફરાળી વાનગી આરોગવી મોંઘી પડશે. રાજકોટના બજારોમાં ખાદ્યતેલથી લઈને ફરાળી ચીજસ્તુઓ અને ફળોના ભાવમાં ૫૦ ટકાનો વધારો થયો છે. જેના પગલે ફરાળી વાનગીઓ પણ મોંઘી થાય તેવી શક્યતા છે.વાત કરીએ પહેલા સિંગતેલની તો શ્રાવણ માસમાં તેલનો વપરાશ સૌથી વધુ થતો હોય છે. સિંગતેલના ડબ્બાનો ભાવ ૩૧૦૦ રૂપિયાને પાર પહોંચી ગયો છે. ફરાળી ચીજ વસ્તુઓના કિલોના ભાવની વાત કરીએ તો સાબુદાણાના કિલોના ભાવ ૮૫થી ૯૦ રૂપિયા, રાજગરા લોટના ૧૯૦થી ૨૦૦ રૂપિયા, સિંગદાણા ૧૫૦ રૂપિયા, સામો ૧૧૦ રૂપિયા અને જીરૂના ભાવ ૭૦૦ રૂપિયા છે. ફરાળી ચીજ વસ્તુ સાથે એલચી, વરિયાળી, મરી મસાલા અને તેજાના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે.

શ્રાવણ મહિનામાં ફળો ખાવા પણ મોંઘા પડશે. જે કેળા ૫૦થી ૬૦ રૂપિયામાં કિલો મળતા હતા, તે કેળાના ડઝનના ભાવ હાલ ૯૦થી ૧૦૦ રૂપિયા છે. તો સફરજનના કિલોના ભાવ ૨૦૦ રૂપિયા છે. રૂા. ૧૦૦ રૂપિયે કિલો છે. જયારે રાસબરીના કિલોના ભાવ ૧૫૦ રુપિયા છે. ફરાળી ચીજવસ્તુ અને ફળોના ભાવ બમણા થતા સામાન્ય માણસનું બજેટ ખોરવાઈ ગયું છે.



આધુનિક જમાનામાં ખોવાઈ ગયેલ ઘોડા ગાડી ઘણા સમય પછી અમદાવાદના રોડ પર જોવા મળી હતી.

# ભાવનગર જિલ્લામાં ધો.૩થી ૮ના કેટલાક પુસ્તકો હજુ વિદ્યાર્થીઓને અપાયા જ નથી

। ભાવનગર,તા.૧૧ ।

ભાવનગર જિલ્લામાં ધોરણ ૩થી ૮ના કેટલાક પુસ્તકો (ર્મજ) અપાયા જ નથી. શાળા શરૂ થયાને બે મહિનાનો સમય વીતી ગયો હોવા છતાં શિક્ષણ તંત્ર દ્વારા એકમ કસોટી અને અન્ય સ્વાધ્યાયપોથીઓ આપ વામાં આવી નથી. એટલું જ નહીં પહેલા અને બીજા ધોરણની ચિત્રપોથી તેમજ લેખન પોથી પણ તમામ બાળકોની મળી નથી. આ તમામ પુસ્તકો વિદ્યાર્થીઓને શાળા શરૂ થાય ત્યારે જ મળી જવા જોઈએ, પરંતુ હજુ સુધી પુસ્તકો ન મળતાં શિક્ષકો પણ પરેશાન છે. એક તરફ એકમ કસોટી નોટબૂક ન હોવાના કારણે વિદ્યાર્થીઓ રફબૂક કે છૂટક પેજમાં કસોટીના ઉત્તર લખવા મજબૂર બન્યા છે. તો બીજી તરફ પુસ્તક મુદ્દે રાજકારણ ગરમાયું છે. શિક્ષણ સમિતિના કોંગ્રેસના સભ્ય પ્રકાશ વાઘાણીએ આ મામલે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. ભાવનગર શિક્ષણ સમિતિના ચેરમેને પણ પુસ્તકો ન આવ્યાનું સ્વીકાર્યું છે. તો સાથે એવો દાવો પણ કર્યો છે કે ટૂંક સમયમાં જ વિદ્યાર્થીઓને પુસ્તકો મળી જશે.

### ગાંધીનગરમા RTOમાં મહાકૌભાંડ

# લાયસન્સ બારોબાર ઈસ્યુ કરવાનો ખેલ ઉઘાડો પડ્યો, 3ની ધરપકડ

### સરકારી ડોક્યુમેન્ટમાં છેડછાડ કરતા સાયબર ક્રાઈમે ૪૦૯ની કલમ ઉમેરી વધુ તપાસ શરૂ કરી છે

। ગાંધીનગર,તા.૧૧ ।

ગાંધીનગરમા RTO કચેરીમા ગેરકાયદે લાયસન્સ ઈસ્યુ કરવાના કૌભાંડમા આરટીઓ ઈન્સ્પેકટરે ૨૦૦થી વધુ લાયસન્સ ગેરકાયદે ઈસ્યુ કર્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે. સરકારી ડોકયુમેન્ટમાં છેડછાડ કરતા સાયબર ક્રાઈમે ૪૦૯ની કલમ ઉમેરી વધુ તપાસ શરૂ કરી છે. ગાંધીનગર RTOમાં ફરજ બજાવતા ઈન્સપેકટર સમીર રતન ધારિયા અને જયદીપસિંહ ઝાલા તેમજ બે એજન્ટની ધરપકડ બાદ સાયબર ક્રાઈમે શરૂ કરેલી તપાસમા ગેરકાયદે લાયસન્સ ઈસ્યુ કરવાના કૌભાંડમા મોટો ઘટસ્ફોટ સામે આવ્યા છે. જેમા આરટીઓ અધિકારીઓએ સરકારી રેકોર્ડમા છેડછાડ કરીને ટેસ્ટ વગર ગેરકાયદે લાયસન્સ ઈસ્યુ કર્યા હોવાનુ તપાસમા ખુલ્યુ છે. સાયબર ક્રાઈમની ટીમે સરકારી રેકોર્ડમા છેડછાડ કરવા બદલ ૪૦૯ની વધુ એક કલમનો ઉમેરા કર્યો છે. સાયબરની ટીમ ગાંધીનગર RTO પાસ અર્થે ગયા ત્યારે રેકોર્ડ પુરાવામા અધિકારીઓનુ રજીસ્ટ્રેશનમા હાજરીના પુરાવા મળ્યા નહતા. આ ઉપરાંત લાયસન્સ માટે અરજી અને તેના ડ્રાઈવીંગના વીડીયોના પુરાવા પણ મળ્યા નથી. આ પ્રકારે ૨૦૦થી વધુ લોકોને ટેસ્ટ વગર લાયસન્સ આપ્યા છે અને સરકારી રેકોર્ડમા છેડછાડ પણ કરી હોવાનુ તપાસમા ખુલ્યુ છે.

લાયસન્સ કૌભાંડમા સાયબર ક્રાઈમે અગાઉ પકડાયેલ આરોપીઓની પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતુ કે,RTO અધિકારીની મિલી ભગતથી જ આ કૌભાંડ ચાલતું હતું. જેથી સાયબર ક્રાઈમે ગાંધીનગર આર ટી ઓમાં ફરજ બજાવતા સમીર રતન ધારિયા અને જયદીપસિંહ ઝાલા, બે એજન્ટ સહિત ચારની ધરપકડ કરી હતી. કારણ કે, પોલીસને મળેલા નવ લાયસન્સ માટેની અરજીમાં મોટા ભાગના લાયસન્સમાં આઈ પી એડ્રેસ આર ટી ઓની બહારના હોવાનું સામે આવ્યું છે. લાયસન્સ માટે આવતી અરજીને મંજુર કરવા માટેનો પાસવર્ડ માત્ર આર ટી ઓના અધિકૃત અધિકારી પાસે જ હોય છે. છતાં પણ પકડાયેલ બન્ને RTO અધિકારીએ એજન્ટને આઈડી પાસવર્ડ આપ્યો હતો. આ રેકેટની તપાસ દરમ્યાન RTOમા ચાલતા ગોરખધંધાનો પ્રર્દાફાશ થયો છે. ગાંધીનગરમા RTO કચેરીમા ટેસ્ટ વગર ગેરકાયદે ઈસ્યુ થતા લાયસન્સમા હજુ પણ અનેક લોકોની સંડોવણી ખુલી છે. હાલમા સાયબર ક્રાઈમે ૨૦૦ જેટલી શંકાસ્પદ અરજીઓને લઈને તપાસ શરૂ કરી છે. આ અરજદારોની પણ કોઈ શંકાસ્પદ ભૂમિકા સામે આવશે તો તેમની વિરૂધ્ધ પણ કાયદેસરની કાર્યવાહીને લઈને તપાસ શરૂ કરાઈ છે.

### ગેરવર્તણૂક કરવામાં આવતા રેલવે ડીવાઈએસપીએ કાર્યવાહી કરી

# વાહનચાલકને લાફો મારનાર પોલીસ કર્મીને સસ્પેન્ડ કરાયો

। સુરત,તા.૧૧ ।

સુરતમાં ટ્રાફિક ચલણ અંગે પોલીસકર્મીએ વાહનચાલકને લાફો મારવા મુદ્દે સૌથી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. રેલવે ડીવાઈએસપીએ પોલીસ કર્મીને ફરજ મોકૂફ કરી દીધો છે. રેલવે પોલીસ કર્મી નરસિંહ ચૌધરીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા ગેરવર્તણૂક કરવામાં આવતા રેલવે ડીવાઈએસપીએ કાર્યવાહી કરી હતી. ૫ ઓગસ્ટની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. મહત્વનું છે કે સુરતમાં ટ્રાફિક ચલણને લઈને પોલીસકર્મીએ એક વાહનચાલકને લાફો માર્યો હતો.

### મોરબીના વેપારી સાથે છેતરપિંડી કેસ

# મહાઠગ કિરણ પટેલના 3 દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા

। અમદાવાદ,તા.૧૧ ।

મહાઠગ કિરણ પટેલના ૩ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. મોરબીના વેપારી સાથે થયેલા છેતરપિંડીના કેસમાં કિરણ પટેલને અમદાવાદની ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરાયો હતો. ક્રાઈમ બ્રાંચે કિરણ પટેલના ૭ દિવસના રિમાન્ડની માગ કરી હતી. જયાં કોર્ટે કિરણ પટેલના ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. મહાઠગ કિરણ પટેલને શ્રીનગર જેલમાંથી અમદાવાદ લવાયો હતો. ક્રાઈમ બ્રાંચે ટ્રાન્સફર વોરંટથી કિરણ પટેલની ધરપકડ કરી હતી.મહાઠગ કિરણ પટેલની વધુ એક કેસમાં ટ્રાન્સફર વોરંટથી ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી છે. મોરબીના એક વેપારીને ઠગ કિરણ પટેલે GPCBના લાઈસન્સ કઢાવાના બહાને લાખો રૂપિયા છેતરપીંડી આચરી હતી. જોકે ઠગ કિરણ વિરુદ્ધ ચોથી ફરિયાદ સોલા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પણ આ કેસની તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપતા તેની શ્રીનગરથી ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી છે. હવે રિમાન્ડ મંજૂર થતા આ કેસમાં કિરણની પૂછપરછ કરવામાં આવશે.

### સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ઘટના

# મુખ્ય જાહેર પરીક્ષામાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ગેરરીતિ આચરી

। સુરત,તા.૧૧ ।

પરીક્ષામાં અનેક ગેરરીતિના કિસ્સા સામે આવ્યા બાદ સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એ નવો નિર્ણય કર્યો છે. વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરરીતિ ન કરી શકે તે માટે કડક નિયમ અમલી કરવામાં આવ્યો છે. જો પરીક્ષામાં કોઈ પણ વિદ્યાર્થી ગેરરીતી કરશે તો, જે તે વિષયમાં ૦ માર્ક અપાશે અને પેનલ્ટી પણ વસૂલ કરવામાં આવશે. જો વિદ્યાર્થી બીજી વખત ગેરરીતિ કરતા પકડાય તો, તમામ વિષયમાં ૦ માર્ક અપાશે અને ફેલ કરી દેવાશે. પરીક્ષાનું પરિણામ પણ અટકાવી દેવાશે, ૬ મહિના સુધી વિદ્યાર્થી પરીક્ષા પણ નહીં આપી શકે.ઉલ્લેખનીય છે, VNSGUમાં BCOMની પરીક્ષામાં ગેરરીતિ કરનારા ૪૦૦ વિદ્યાર્થીઓ પકડાયા હતા. યુનિવર્સિટીએ તમામ વિદ્યાર્થીઓના જે તે વિષયમાં ૦ માર્ક મૂકી દીધા છે અને ૫૦૦ રૂપિયા પેનલ્ટી પણ વસૂલ કરવામાં આવી. મહત્વનું છે, યુનિવર્સિટીમાં તમામ ગેરરીતિ આચરનારા ૪૦૦ વિદ્યાર્થીઓને હિયરીંગ માટે બોલાવાયા હતા.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર




ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો

આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો

દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...

cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨